# હુમત, હુખ્ત, હુવર્શ્ત

વિચાર, વચન અને કાર્મોની જરથોસ્તી
સંબંધમાં પશ્ચિમ તરફની [illegible] પદાર્થ
વિદ્યા અને ફીલોસોફીથી મલતો
ખુલાસો.

**૭૫૪૭**

નેક વિચારેલા વિચારોને હું વખાણું છું, નેક બોલેલા સખુનને વખાણું છું તથા નેક કીધેલા કામને હું વખાણું છું -**અવસતા.**

III 51
1897.

લખનાર,

**દાદાભાઈ નજીભાઈ જસાવાલા.**

**મુંબઈ**

જમશેદજી નસરવાનજી પીટીટ પારસી ઓરફનેજ કેપ્ટન પ્રીન્ટીંગ વર્કસ.

---

૧૮૯૭.

નમો અહુરાઈ મજદાઈ

# રાહે * રોશન.

ધર્મ અને સંસાર વેહવારને લગતુ

## મોટું માસીક.

[ એનું બીજું પુસ્તક ફરવરદીન માસ (સપતેમ્બર-અકટોબર ૧૮૯૭ થી શરૂ થશે. ]

હિંદુસ્તાનમાં તથા તેની બાહર કવેટા, એડન હોંગકોંગ જંજીબાર, વગેરે ઠેકાણે ફેલાવો પામેલુ છે.

૬૬૦૮

☞ આ પત્રમાં નીચલી મુખ્ય બાબતો પ્રગટ થતી

(૧) જરથોસ્તી ધર્મની બાબતો ઉપર નવું લખાણ.
(૨) જરથોસ્તીઓના ધર્મ-સંસારને લગતા અગતના સવાલો.
(૩) જરથોસ્તી ધર્મ સંબંધી ધ્યાન આપવા લાયક ભાષણો, રેસાલા વ૦
(૪) મુશ્કેલીથી મળે એવાં અસલી ધર્મને લગતાં પુસ્તકો અને લખાણો પ્રગટ કરવાં; પ્રગટ થઇ ગયલાં પણ સંગ્રહ કરવા લ... ...ોના ઉતારા
(૫) નવી શોધખોળની ખબરો; અને તેને આધ... ...ની સમજ

☞ નમુનાની નકલ મંગાવયાથી મોક... ...વરા.

જેઓ ઘરાક થવા ચાહતા હોય તેઓએ મેહેરબાની કરીને લવાજમના પૈસા તથા પોતાનું નામઠામ નીચલે ઠેકાણે ... લખી મોકલવુ:—

દી૦ અરદેશરની કુંપની
"રાહે રોશન" ના મેનેજરો,
નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઇ.

પુસ્તક પેહેલું મજબુત બાંધેલું રૂ૦ ... પોસ્તેજ રૂ૦ ૦ા.

એ પુસ્તકમાં "પેગમ્બર સાહેબ અશો જરથોસ્તનું પંદનામુ" અને "જામે કેખુશરો" જે ખોદાશનાસીના અભ્યાસીઓને બહુ અગતની કેતાબ છે તે વધારા તરીકે પ્રગટ થઇ છે.

પુસ્તક બીજું થોડા વખતમાં બંધાઇ તૈયાર થશે.

# ખુલાસો.

જરથોસ્તી મજહબની જુદી જુદી બહુ મોતેબર અને ઉમદા ફીલસુફીઓમાં "હુમત હુખ્ત અને હુવરસ્ત" ની બહુ ઉંડી ફીલસુફીએ ઘણાક પરકોમના વિદવાનોપર બહુ મજબુત અને સારો છાપ બેસાડયોછે. એ ફીલસુફીને લગતા આ ત્રણ મુખ્ય [illegible]નોએ પારસી કોમનાં જીગરની ઉપર જે કાબુ બેસાડયોછે [illegible] કાબુને આધારે પારસી કોમની એક વાર વખણાતી નીતિ [illegible] રહી હતી.

આજે તે જરથોસ્તી સુદ્ધાપણું ટકી રહયું નથી, તેની ગેરહાજરીમાં જરથોસ્તી મજહબના મુળ પાયાને લગતી આ ભેદી ફીલસુફી ભરી રીતી શું બોધ આપે છે, તે તપાસી એક વાર જરથોસ્તી મગજોપર ઠસાવવાની જરૂર છે. જરથોસ્તી ધર્મ-પુસ્તકોના ઘણાક ભેદી ભાગોના ખોલાસા થિઓસોફી ઘણી મન-માનતી રીતે આપતી આવીછે તે આધારે આપણે આ ફીલસુફી તપાસવાની આ સાથના નાના રેસાલામાં કોશેશ કીધી છે.

પશ્ચિમ તરફનુ આગલ વધતુ સાયન્સ આજે સર્વમાન્ય સત્તા દાખલ ગણાયછે. તે ચમત્કારીક શોધો કરે છે, અને તેવી શોધોને કુદરતી કાયદાઓને અનુસરતી પુરવાર કરવામાં આવેછે. કુદરતમાં મોજેજા જેવુ યા ચમત્કારીક કાંઈ ગણાતું નથી. આ વિદ્યાએ વિચારના સંબંધમાં કીધેલી શોધો જરથોસ્તી ફીલ-સુફીને કેટલી મલતી થયિછે, તે પણ આ રેસાલામાં દર્શાવ્યુછે.

થીયોસોફીની ફીલસુફીને આધારે વિચારોને લગતી જે જે વીગતો ખસુસ કરી મીસીસ બીઝેનટ તરફથી બાહાર પાડવામાં આવેલી આ ચોપાનયામાં દાખલ કીધીછે તે કેટલાકોના માન-

વામાં આવે નહી, પણ હાલ અમેરીકામાં વિદ્વાનોએ શોધો કીધી છે તે પણ થોડાં વરસ અગાઉ માનવામાં આવતે નહી. અમેરીકાના નામીચા સોધકમા ઍડીસને તેલીફોન, માઈક્રોફોન અને ફોનોગરાફ વગેરે યંતરોની સોધ કરી માણસોને હેરતમાં નાખયા છે. થોડાક મહીના થયા પ્રોફેસર રૌંટજને ‘રૌંટજમ રે’ અથવા ‘એકસ રે’ નામનાં કીરણની મદદથી માણસોનાં ભીતરની સબીઓ લેવામાં ફતેહ મેલવીછે, તથા સોધપર નામીચા સોધક ઍડીસને સુધારો કરી માણસોનાં ભીતરનાં ભાગો અને દરદો જોવાને માણસને શકિતવાન કરયા. એટલુજ નહી પણ નક્કર લાકડાંનાં કેટલાંક પડોની બંધ પેટીની અંદર મુકેલી ચીજોને પણ આએ સોધથી માણસો જોવાને શકિતવાન થયાં છે.

હાલમાં થોડુક થયુ પ્રોફેસર મારકોની નામનો ઈટાલીયન કેટલાક અખતરાઓ કરી વગર તારે વીજલીક સંદેશા કેટલેક તફાવતે મોકલવાને શકિતવાન થયો છે. એથી એક તબકકો આગલ વધી ઇંગલંડનો નામીચો પ્રોફેસર લોડજ પોતે ચોકશ અખતરા કરી માણસોના વિચારો એક ઠેકાણેથી બીજે ઠેકાણે કંઈની દેખાઈતાં સાધન વગર મોકલી શકાય એવુ મત આપે છે. પશ્ચિમ તરફની હાલની આગલ વધેલી વિદયા હજુ તેનાં બચપણમાં છે, અને તેથીજ વિચારોને લગતી બાબદોના તેના ખોલાસાઓ થીયોસોફીની ફીલસુફીથી મલતા ખુલાસા જેવા સંપુરણ નથી. કારણ કે જે ખુલાસાઓ થીયોસોફીથી મલ્યા છે તેનો પાયો મહાન નરોએ પોતાનામાં રહેલી ગુપ્ત શકિતના ખીલવવાપર રચાયલો છે. એવા ખુલાસાઓ જયાંસુધી જડ પદાથ જાણનારા વિદ્વાનો પોતામાં રહેલી ગુપ્ત શકિતઓ ખીલવી શકશે નહી ત્યાંસુધી પોતાના અનુભવને આધારે આપી

શકશે નહી. જેઓને થીયોસોફીના સીધ્ધાંતો અદભુત અને નું-માની શકાય એવાં જણાય તેઓએ 'Truth is stranger than fiction' નામની અંગ્રેજી કેહવત તથા મહાન કવિ શેકસપિયરની નીચલી બે લીટીઓ યાદ રાખવી જરૂરનીછે.

"There are more things in Heaven and Earth
Than are dreamt of in your philosophy."

મુંબઈ ખાતેની થીયોસોફીકલ સોસાયટી આગલ આએ રેસાલો શને ૧૮૯૬ માં વાંચવામાં આવ્યો હતો અને હાલમાં જેગ ઘટતા ફેરફાર તથા વધારા અને લગાર સુધારા સાથ વાંચનારી આલમ આગલ રજુ કરવામાં આવ્યોછે.

મુંબઈ: તા૰ ૨૫મી ઑગસ્ટ ૧૮૯૭. } દાદાભાઈ ધનજીભાઈ જસાવાલા.

III/1897 49

# હુમત, હુખ્ત, હવરશત.

## વિચાર, વચન અને કામોની જરથોસ્તી ફીલસુફીના સંબંધમાં પશ્ચિમ તરફની આગળ વધેલી વિદ્યા અને થિઓસોફીથી મલતો ખુલાસો.

---

જરથોસ્તી ધર્મ પુસતકોમાં જગેજગ નેક વીચાર, નેક વાણી તથા નેક કામોને વખાણીયાં છે તથા તે પ્રમાણે ચાલવાની તાકીદ ફરમાવી છે, અને ખરાબ વીચાર, ખરાબ બોલ અને ખરાબ કામો તરફ ધીક્કાર બતાવી તેઓથી દૂર રહેવાને ફરમાવ્યું છે. એ ફરમાનો આપનારાઓનું જ્ઞાન ઘણું બોહલું હોવું જોઇએ, કારણકે જે જ્ઞાન તેઓએ ધર્મના ફરમાનો તરીકે હજારો વરસ અગાઉ આપયું હતું, તેનું વાસ્તવીકપણું હાલની આગલ વધેલી વીદયા તેની કેટલાક અપૂર્ણતા છતાં કેટલેક દરજ્જે કબુલ કરે છે, અને જેમ જેમ વીદયાનો વધારો થશે તેમ તેમ જરથોશતી અને બીજા પુરાણા ધર્મોના ફરમાનોમાં સમાયલી ખુબી ખુલ્લી થતી જશે.

જરથોસ્તી ધર્માના લગભગ સઘલાં પુસ્તકોમાં નેક વીચાર, નેક બોલ તથા નેક કામો વીશે ઇશારાઓ તથા ખુલ્લી રીતે લખાણ મલી આવે છે. પણ તે સઘલું અતરે રજુ કરતાં ઘણું લંબાણુ થઇ જાય તેથી એરવદ કાવશજી એદલજી કાંગાના ગાથા અને ઇજશને તથા વીસપરદના ગુજરાતી તરજુમામાં એ વીશે જે મુખય ફકરાઓ આવે છે તેમાંના થોડાક તમો આગલ રજુ કરી તે વીશે થોડુંક વીવેચન કરવા માંગુછું. ત્યારપછી હાલની આગલ વધેલી વીદયા તથા થીયોસોફીની ફીલસુફી એ બાબદપર શું મત આપે છે તે જણાવીશ.

અહુનવદ ગાથાના ૨૯મા હાના ૧૦મા ફકરામાં હજરત પએગમબર જરથોશત પોતાના મદદગારોને કૌવત તથા સતા આપવા વીશે નીચે પ્રમાણે દુવા ગુજારે છે.

"અએ હોરમજદ (તથા) અષ તમો તેઓને કૌવત તથા સત્તા આપો કે જેથી નેક વિચારની મારફતે તેઓ (દુનિયાના લોકોને) ખુશાલી તથા સુખ આપે."

**ઉશતવદ ગાથા, હા ૪૫ મો, ફકરો ૫ મો.**

નેક મનશનીનાં કૃમોને લીધે (તેવા માનસોને) (દાદાર) હોરમજદ (નજરે પડશે).

**ઉશતવદ ગાથા, હા ૪૫ મો, ફકરો ૯ મો.**

નેક મનશ્ની સાથે તેને (ઇઆને હોરમજદને) હમો રાજી રાખવાને ઇચ્છીએ છીએ.

**સપેન્તોમદ ગાથા, હા ૪૭ મો, ફકરો ૧ લો.**

રાસ્તીથી (ઉત્પન્ન થતા) સઉથી નેક વીચાર, સખુન, તથા કામને લીધે (દાદાર) હોરમજદ આપણને સપેનામીનો (ઇઆને આબાદી કરનાર મીનો) ની મારફતે સુખ તથા અમરપણું તથા સંપત્તિ અને સંપૂર્ણ મનશ્ની આપે છે.

**સ્પેન્તોમદ ગાથા, હા ૪૮ મો, ફકરો ૪ થો.**

જે કોઇ, અએ હોરમજદ? પોતાની મનશ્નીને વધારે નેક તથા વધારે પાક રાખેછે, તે પોતે વચનથી તથા કામથી દીનને (બી) (તેમજ) રાખે છે. તેની ખાહેશ તેના એતેકાદ તથા પ્રજા ધર્મને અનુસરતી હોએ છે. તે માણસનું સેવટ (અએ હોરમજદ) ખોલ્લી રીતે તારી અક્કલમાં હોએ છે.

એ ફકરાના પાછલા ભાગનો તરજુમો બીજી રીતે નીચે પ્રમાણે છે.

સેવટે (તે નીતિવાન સખસ), અએ હોરમજદ ખોલ્લી રીતે તારી અક્કલમાં જાએ છે, ઇઆને તેનું રૂહ-અંશ તારામાં મળી જાએ છે. એટલે પોતાની સંપૂર્ણ નેકી તથા રાસતીને લીધે તેનું રૂહ તારી સાથે એક થઇ જાએ છે.

### સ્પેન્તોમદ ગાથા, હા ૫૦ મો, ફકરો ૧૧ મો.

મસ્તીના કામ કરનારાઓની ખાહેશ જે સઉથી ચઢતે દરજ્જેની (છે તેને) દુનિયાનો પેદા કરનાર (હોરમજ્દ) (તે કાંમ કરનારાઓની નેક મનસ્નીને લીધે) પાર પાડે છે.

### વોહુક્ષથ્ર ગાથા, હા ૨૧ મો, ફકરો ૨૨ મો.

સંપૂર્ણ મનસ્નીનો માણસ પોતે (પોતાનાં) ડહાપણ, (સારા) સખુન તથા (નેક) કામથી દુનિયાંની આબાદી કરનાર (હોએછે.) (તેની) દીનદારીને લીધે હોરમજ્દ (તેને) સુખી કરનારી રાસ્તી (તથા તેની નેક નયતને લીધે) સત્તા આપે છે.

**યજશને**ના ૭ મા હા ના ૪ થા ફકરામાં ભણનાર **નીચે પ્રમાણે** બોલે છે:—

મીનોને લગતા (તથા) ગેતીને લગતા અશો ઇજદોની ખુશનુદીને માટે (તથા) મારાં પોતાનાં રવાનની ખુશનુદીને માટે સારા વિચારેલા, સારા બોલાએલા (તથા) સારા અમલમાં આવેલા વચનો પવિત્રાઇથી હું આપું છું.

**યજશને**ના ૧૦ મા હાના ૧૬ માં ફકરામાં ભણનાર નીચે પ્રમાણે એકરાર કરે છે.

નેક વિચારને હું (મલતો) છેઉં ; બદ વિચારને હું મલતો છેઉ નહી. નેક કામને હું (મલતો) છેઉં; ખરાબ કામને હું (મલતો છેઉં) નહી.

### યજશને, હા ૧૧ મો, ફકરો ૧૭ મો.

(તમામ) નેક વમાસન, નેક વાણી તથા નેક કરણીને (મારી) મનશની, ગવશની, તથા કુનસ્નીથી હું વખાણું છું. સઘળા નેક વીચારો, નેક સખુનો તથા નેક કામોને હું અખત્યાર કરૂં છું. સઘલા બદ વિચારો, બદ સખુનો તથા બદ કામોને હું છોડી દેઉં છું.

**યજશ્ને, હા ૧૨ મો, ફકરો ૮ મો.**

નેક વિચારેલા વિચારને હું વખાણું છું; નેક બોલેલા સખુનને હું વખાણું છું (તથા) નેક કીધેલાં કામને હું વખાણું છું.

**યજશને, હા ૧૯ મો, ફકરો ૧૭ મો.**

બધી (બાબદ)માં સારી મનશ્નની, સારી ગવશ્નની, (તથા) સારી કુનશ્નીને લીધે કીર્તી (ગોયા) રાસ્ત માણસની પુઠે ચાલનારી છે.

**યજશને**ના ૧૫ મા હાના બીજા તથા ત્રીજા ફકરામાં ભણનાર નીચે પ્રમાણે એકરાર કરે છે:—

જેમ (હમે) સારાં (માણસો)ની (વખાણ કરનારા તથા તે ઉપર વિચાર કરનારા) છીયે, તેમ (હમે) આએ દુનિયાને માટે તથા પેલી દુનિયાને માટે નેક વિચાર, નેક સખુન (તથા) નેક કામ કરનારાઓની (તથા) (નેક કામ) કરી ગએલાઓની વખાણ કરનારા (તથા તે વિશે) વિચાર કરનારા છીયે.

ઉપલો ફકરો **યજશને**ના ૪૧ મા હાના ૭ મા ફકરામાં તથા ૬૮ મા હાનાં ૨૦ મા ફકરામાં ફરી ફરીથી આવે છે.

અએ અશો (તથા સોહામણા હોરમજદ!) બેહુ દુનિયાંને માટે હયાત (માણસો)ના કામોમાંના જે સઉથી સરસ (કામો) હોએ તેઓને હમે પસંદ કરીએ છીયે, (તેની ઉપર) હમારૂં મન લગાડીએ છિયે, તથા તે પ્રમાણે) હમો કામ કરિયે છીયે.

**યજશને, હા ૩૬ મો, ફકરો ૫ મો.**

તમામ નેક વિચારોથી, તમામ નેક સખુનોથી (તથા) તમામ નેક કામોથી હમો તારી આસપાસ પોંહોંચીએ છિયે.

**યજશ્ને, હા ૫૭ મો, ફકરો ૧૪ મો.**

જે (શખ્સ)ના ઘેરમાં અશો, ફતેહમંદ (તથા) તૃપ્ત થએલો સરોશ ઇજદ માન પામેલો હોએ છે, (તથા જે સખ્સના ઘેરમાં) વધારે નેક મનશ્ની

વાળો, નેક સખુન બોલનારો, (તથા) વધારે નેક કામ કરનારો હોએ છે તે ઘેરમાંથી, તે મોહોલ્લામાંથી, (તથા) તે દેશમાંથી દુષ્ટ (તથા) નાશકારક અડચણો દૂર જાએ છે.

**યજશ્ને, હા ૬૧ મો, ફકરો ૪ થો.**

દુષ્ટ નાલાએક વિચાર કરનારા, નાલાએક સખુન બોલનારા (અને) નાલાએક કામ કરનારાઓમાંના કોઇબી મરદની તથા કોઇબી ઓરતની સાંભે થવાને તથા (તેઓને) બાહાર કાહાડી નાખવાને માટે (હમો યથા, અષેમ તથા યેંઘહે હાતાંમને) પુરતી રીતે આશકારા કરીએ છિયે.

**યજશ્ને, હા ૬૫ મો, ફકરો ૧૪ મો.**

રાસ્તીના કામ કરનારાઓની જે ખાહેશ (છે) (તે બીજી સઘળી ખાહેશોથી) ઘણીજ ચઢતી (છે.)

**યજશ્ને, હા ૬૮ મો, ફકરો ૧૩ મો.**

જેઓ મનુષ્ય (જાતને) તંગીથી દૂર રાખવાને તથા ખરાબીથી દૂર રાખવાને, તથા લશકરની પીડાઓથી તથા દ્વેષ રાખનારા દુશ્મનથી દૂર કરવાને ભલાઇથી વિચાર કરેછે (અથવા મનસુબો કરે છે) (તેઓનેબી, અએ અરદ્વીસૂરનાં પાણીઓ તમો સુખ, તંદરોસ્તી, ફતેહ, ઇત્યાદી આપો.)

**વીસ્પરદ, ફકરો ૨ જો, કરદો ૫ મો.**

આએ જોર તથા બરસમે કરીને સરદારોની આરાધણા કરનાર અશોં મરદ જે નેક વિચારેલા વિચારને, નેક બોલેલા સખુનને, તથા નેક કીધેલાં કામને મજબુત પકડનારો તથા જે આબાદી કરનાર સભ્યતા (અથવા તાબેદારી) ને તથા સોસ્યન્તના માંથ્રને માન આપનાર (એવી સિફતવાળા અશો મરદને) ઈજશ્નેમાં હું યાદ કરૂંછું, જેના કામોથી પવિત્રાઇની મારફતે મુલુકો (અથવા દુનિયાં) આબાદ થાએ છે.

**વીસ્પરદ, કરદો ૧૫ મો, ફકરો ૧ લો.**

અએ જરતોસ્તી માજદયસ્નો! લાએક, વખતસરના (અને) નેક કામો કરવાને (તથા) નાલાએક, કવખતનાં અને દુષ્ટ કામો નહી કરવાને માટે (તમારા) હાથ, પગ તથા (તમારી) હુસ્યારી ઉસ્તેવાર રાખો.

## વીસ્પરદ, કરદા ૧૯ મો, ફકરો ૨ જો.

ડહાપણને (તથા) આબાદી કરનારા ભલા વિચારને હમો વખાણીએ છીએ, જેની ઉત્પત્તિ અશોઇની તથા અશો (લોકો) જેઓ અશોઇમાં સઉથી સરસ (છે તેઓ) ની પેદાએશની (છે.)

ઉપલાં લખાણો પરથી સાર નીકલે છે તે એ છે કે નેક વીચાર મારફતે દુનિયાના લોકોને ખુશાલી તથા સુખ મલે છે. એ સુખ તથા ખુશાલી કેવી છે તથા કેવી રીતે મલે છે તે આપણે આગલ ચાલતાં જોઈશું. નેક વીચાર, નેક બોલ તથા નેક કામ કરનારા માણુસને કીર્તિ તથા અમરપણું મલે છે અને એવા માનસો દુનયાની આબાદી કરનાર ગણાય છે. અને એવા સખશોનું રૂહ સેવટે દાદાર હોરમજદનાં રૂહ સાથ મલી જાય છે. નેક કામ કરનારાઓની ચહડતે દરજ્જેની ખાહેશો તે માણુસના નેક વીચારને લીધે પાર પડેછે. માણુસોના નેક વીચાર, નેક બોલ તથા નેક કામોના કરયાથી તેઓના પોતાના રવાનો, તથા ઇજદ અમશાસપંદદો ખુશનુદ થાએ છે જે ઠેકાણે ઉપલા પ્રકારના શખશો રહે છે તે દેશોમાંથી દુષ્ટ તથા નાશકારક અડચણો દૂર થાય છે. ભલા વીચારો જેને અશો લોકોની પેદાએશ ગણી છે તે પેદાએશ કેહવી જાતની છે તે આપણે આગલ તપાસીશું. એ સઘલાં કારણોને લીધે એક જરથોશ્તી ધર્મશાસ્ત્રોના તથા બીજાં ભણતરોમાં વારેવાર નેક વીચાર, નેક બોલ, તથા નેક કામોને તથા એ પ્રમાણે ચાલતા માનસોને વખાણે છે અને તેપર વીચાર કરનાર તરીકે જનાવે છે અને એ સઘલુ અખત્યાર કરી એથી ઉલટા ગુણોને છોડી દેવાનો એકરાર કરે છે.

એક શખશના વીચારો બીજા શખશના ભેજાપર વીચારો તરીકે મોકલી શકાય કે નહી અને તેવી રીતે તેઓ કઇબી અશર ઉપજાવી શકે કે નહી તે વીશે હાલની આગલ વધેલી વીદયા શું કહે છે તે તપાસીએ.

હાલની વીદયા એ શીખવે છે કે માણુસનો વીચાર આએ દુનયાના તેમજ બીજી દુનયાના જડ પદારથો પર અસર કરે છે.

પ્રોફેસર જીંગન તથા બેબેજ મજબુતાઇથી માને છે કે દરેક વીચાર મગજની રજકણોમાં ફેરફાર કરી તેઓમાં ગતી પેદા કરે છે, અને તેઓને આખી જગતમાં વીખેરી નાખે છે. આપણાં કામોનો છાપ કેવી રીતે આપણી આસપાસ રહે છે તે વીશે પ્રોફેસર ડ્રેપર પોતાની ધર્મ અને વીદયા વચેની વિરૂદ્ધતા (Conflict between Religion and Science) નામના પુસતકમાં નીચે પ્રમાણે જનાવે છે. "આપણા સઉથી ખાનગી ઓરડાની દેવાલો કે જેમાં આપણે ધારીએ છીએ કે કોઇબી આંખ પ્રવેશ કરી શકતી નથી અને જ્યાં કોઇ બાહારનાને આવવાનો અટકાવ હોએ છે, અને જ્યાં આપણાં ખાનગીપણાંને કોઇ ખલલ કરી શકતું નથી, ત્યાં આપણાં સઘલાં કામોની નિશાની અને જે જે કામો કીધાં હોય તેની આકૃતિનો છાપ રહે છે." ૧૮૯૪ ના જાનેવારી માસના Borderland ચોપાન્યામાં પ્રોફેસર ઓલીવર લોડજ, એફ. આર. એસ. ની Thought Transference એટલે કે એક માનસ પોતાના વીચારો બીજા માનસપર કંઇબી દેખઇતાં સાધન વગર મોકલી શકે તે વીશેની બાબદ આપી છે તેમાંનો કેટલોક અગત્યનો સાર નીચે આપ્યો છે. ઉપલો પ્રોફેસર Thought transference નો અર્થ એક મનનો બીજા મન સાથનો હાલ જણાયલી ઇદ્રિના અવ્યવો શીવાય બીજી રીતે બની શકે એવા અરપસરસના વિચારના વેહવારનો કરે છે. ઉપલો વેહવાર કેવી રીતે બની શકે તે વીશે સમજણ આપતાં કેટલાક દાખલા તેવણ આપે છે, તેમાના ફકત બે હું નીચે આપું છું. બે ટયુનીંગ ફોરક એટલે કે વાજીંત્રોને સુર પર મેલવાના યંત્રો અથવા એકજ સુર પર ચહડાવેલા વાજીંત્રોને એક બીજાથી દુર તાંગવામાં આવ્યા છતાં જો આપણે એકપર કોઇબી રાગ વગાડયે તો બીજુ તેનો પ્રતિઉત્તર આપે છે એટલે કે તેમાંથી તેજ રાગ નીકલે છે.

સઘલી રીતે એક સરખાં બે લોહચુંબકને તેઓના મધ્ય બિંદુપર બે અણીઓ પર અકેકથી દુર સમતોલ રાખયાં હોય અને તેમાંના એકને ગતીમાં મુકયું હોય તો પેલું બીજું લોહચુંબક પણ થોડું ફરવા માંડશે. એજ પ્રમાણે બે માનસો જેઓને એક બીજા તરફ ચાલુ ખેંચાન થતું

હોય તેઓને એક બીજાના વીચારની અસર ઝટ થાય છે. એ વીશેના ઘણાક અખતરાઓ કરયા પછી પ્રોફેસર લોડજ કહે છે કે એક બીજાથી અનજાણ્યા માનસો કરતાં સગાં વાહલાં અને જેઓને એક બીજા તરફ સારી લાગણી હોય તેઓને એ અખતરામાં ફતેહ પામવાનો સંભવ વધારે રહે છે. એ વીશેના જાહેરમાં અખતરા કરવા વીશે ઉપલા પ્રોફેસર વાજબી રીતે ઘણો સખ્ત અનગમો બતાવે છે, અને કહે છે કે આવા જાહેરમાં દેખાડેલા અખતરાઓ વીદયાની રીતે નીરઉપયોગી છે. વીચારો એક દેશથી બીજે દેશ કોઇબી દેખઇતાં સાધન વગર મોકલી શકાય તે વીશેના પુરાવાઓ એટલા મજબુત છે કે તેથી પ્રોફેસર લોડજની ખાતરી થઇ છે તે તેવણના નીચલા બોલો પરથી જણાય છે.

"I am prepared, however, to confess that the weight of testimony is sufficient to satisfy my own mind that such things do undoubtedly occur; that the distance between England and India is no barrier to the sympathetic communication of intelligence in some way of which we are at present ignorant] that, just as signalling key in London causes a telegraphic instrument to respond instantaneously in Teheran, which is an every day occurence, so the danger or death of a distant child, or brother, or husband may be signalled, without wire or telegraph clerk, to the heart of a human being fitted to be the recipient of such a message."

જેઓ ઉપલી તથા એને મલતી બીજી બાબદો તપાશ કરયા વગર હશી કાહાડે છે અને તેઓની વીરૂધ મત આપે છે તેને ઉપલા પ્રોફેસરના નીચલા બોલો ગોખી રાખવા જોગ છે.

"Think over these great things and be not unduly sceptical about little things. An attitude of keen and critical enquiry must continually be maintained, and in that sense any amount of scepticism is not only legitimate but necessary. The kind of scespticim I deprecate is not that which sternly questions

and rigorously probes; it is rather that which confidently asserts and dogmatically denies; but this kind is not true scepticism, in the proper sense of the word, for it deters enquiry and forbids inspection."

ઉપલાંજ ચોપાન્યામાં દાકટર એ. ગ્લીસન નામના નયુ યોરકના એક હૉસ્પિટાલના દાકટરની નોંધ પોથીને આધારે clairvoyance (અતીન્દ્રિયદ્રષ્ટી) ને લગતી એક બાબદ આવી છે. તેમાં એ દાકતર જનાવે છે કે મેં અતીન્દ્રિયદ્રષ્ટી તથા મન વાંચવાની બાબદપર ૧૬ વરસ સુધી ધ્યાન આપ્યું છે. એ બાબદ વીશે તેઓ જે જનાવે છે તેનો કેટલોક સાર નીચે પ્રમાણે છે. કોઇબી જાતનો મનો વિકાર જેમકે ચિંતા, ગુસ્સો, દલગીરી, પયાર અથવા જુસ્સો જેમાં બે અથવા વધારે માણસો ભાગ લે તો તેથી જ્ઞાન તંતુંનું ખેચાણ એવું એક સરખું બને છે કે તેથી નિયમિત નહી એવા વીચારો અથવા લાગણી ઉતપન થઇ શકે એમ છે. અને દેખઇતાં સાધણ વગર વીચારોને એકમનથી બીજાંપર મોકલવા એ ચીજ દેખાવ અથવા અવાજને એવી રીતે મોકલવાનાં કરતાં ઘણી સાધારણ છે. ઉપલા દાકટર એવીજ રીતે માણસોને જોતાંવારજ તેઓની ચાલચલણનો છાપ પોતાના મગજપર પડતાંજ તરતજ તેઓ વીશેનું તેને ભાન થતું હતું અને એવીજ રીતે બે તદન અનજાણ્યા નોકરોને જોતાંજ તેઓ ચોર છે એમ તેનાં ભેજાંપર છાપ પડયો. એ વાત તે નોકરોની પાછલી ચાલ પરથી ખરી ઠરી. એક વખતે ઉપલા દાકતરને ત્યાં ચોરી થઇ તેથી તેને ત્યાંના ૨૦ નોકરોને એકઠા કરયા અને એકબી બોલ બોલયા વગર અથવા સાક્ષી ગુવાહી લીધા વગર ફક્ત પોતાનાં ભેજાં પર એ વીશે જે છાપ પડયો તેને આધારે એક જણીને ગુનેહગાર તરીકે ઠેરવી અને જોકે તેણીએ પોતાનો વાંક કબુલ કીધો નહી તોપણ તેણીને રજા આપવામાં આવી. કેટલાંક વરસો પછી ચાકરડી મરવા સુતી ત્યારે પેલા તબીબને બોલાવી મંગાવી પોતાનો આગલો વાંક કબુલ કીધો.

Borderland ચોપાન્યાના ૧૮૯૪ ના અકટોબરના અંકમાં Thought transference વીશેની એક બાબદમાં એક માનસ બીજાના

વીચારો દુરથી વાંચી શકે અથવા બીજા સાથ દેખાતાં સાધન વગર વીચારોનો વેહવાર ચલાવી શકે એ ચીજની હયાતી જેઓ ના પાડે છે તેઓને પ્રોફેસર લોડજ અજ્ઞાની કહે છે. તે લખે છે કે:—

"That this community of mind or possibility of distant interchange or one-sided reception of thoughts exists, is to me perfectly clear and certain. I venture further to say that persons who deny the bare fact, expressed as I here wish to express it, without any hypothesis, are *simply ignorant.* They have not studied the facts of the subject. It may be for lack of opportunity, it may be for lack of inclination; they are by means bound to investigate it unless they choose; but any dogmatic denials which such persons may now perpetrate will henceforth, or in the very near future, redound to the discredit, not of the phenomena thus ignorantly denied, but of themselves, the over-confident and presumptuous deniers."

વેલાતમાં Psychical Research Society નામની મંડલી જેના મેમબરોમાં કેટલાક પ્રોફેસરો તથા બીજા વીદવાન તથા ભણેલા પુરૂશો તથા સ્ત્રીઓ છે તેઓમાના કેટલાકોએ મન વાંચવાની બાબદના અભયાશ તથા અખતરાથી એ વાત સીદ્ધ કીધી છે તેથી એ બાબદનો પાયો કંઇ બે ત્રણ જનના બોલવા પર નહી પણ ધણાઓના અભયાશ તથા જાતી અનુભવ તથા અખતરા પર રચાયલો છે. એ શીવાય ઉપલી મંડલીએ એ બાબદ વીશે પુશતકો પણ બાહાર પાડયાં છે.

ધણાંક વરસોં અગાઉ થીયોસોફીકલ સોસાયતીનાં સ્થાપક મેડમ બ્લાવાતસકીએ મન વાંચવાની બાબદ વીશે કેટલીક બીના જણાવી ત્યારે તેણીને ઠગારીની ઉપમા આપવામાં આવી, અને તેણીના કહેવાને ચોકશ દલીલોના આધારે ખાતરી થયાને લીધે કેટલાક થીયોસોફીસતોએ માનવાથી તેઓને સગલું માની લેનારા તથા નબલા મગજના તરીકે ગણવામાં આવ્યા. પણ હવે જ્યારે વીદવાન માનસોએ મનના વીચારો વંચાઇ શકાય

તથા તે વીચારો સામા ધણી તરફ દેખઇતાં સાધન વગર મોકલી શકાય એમ જાતી અભીયાશ તથા અખતરાથી સાબેત કીધું છે ત્યારે સાધારણ લોકોને એ બાબદ માનવા સીવાય છુટકો નથી. નહી તો તેઓ પ્રોફેસર લોડજના બોલવા પ્રમાણે અજ્ઞાની ઠરે છે. હવે જ્યારે વીદયાની રીતે સાબેત થયું છે કે એક માનસ પોતાના વિચારો સામા માણુસ તરફ મોકલી તેનીપર અસર કરી શકે તો જેમ સારા વીચારની સારી, તેમજ માઠા વીચારની માઠી અસર થઈ શકે એ ચોકશ છે. અને તેથીજ જરથોશતી ધર્મમાં હમેશાં સારા વીચારો રાખવાની તાકીદ ફરમાવી છે અને માઠા વીચારો તરફ ફરવાને ફરમાવ્યું છે કે જેથી સારા વીચારોની મારફતે દુનયાની આબાદીમાં વધારો થાય.

હવે આપણે ગુપ્તજ્ઞાનની ફીલસુફીને આધારે નેક વીચારો, બોલ તથા કામોની તપાસ લઈશું. એ ફીલસુફી હાલની આગલ વધેલી વીદયા કરતાં પણ આગલ વધી જે જે જણાવે છે તે જરથોસતી ધર્મના એ વીશેનાં ફરમાનોને વધારે ટેકો આપે છે એટલુંજ નહી પણ તે વીશે વીદવતા ભરેલો ખુલાશો આપે છે.

મી૦ સીનેટની Occult World (ગેબી દુનયા) ના પુશતકમાં એક માહત્માએ વીચારો વીશે નીચે પ્રમાણે ખુલાસો આપ્યો છે.

"Every thought of man upon being evolved passes into the inner world, and becomes an active entity by associating itself, coalescing we might term it, with an elemental—that is to say, with one of the semi-intelligent forces of the kingdoms. It survives as an active intelligence—a creature of the mind's begetting—for a longer or shorter period proportionate with the original intensity of the cerebral action which generated it. Thus a good thought is perpetuated as an active, beneficent power, an evil one as a maleficent demon. And so man is continually peopling his current in space with a world of his own, crowded with the offspring of his fancies, desires, impulses

and passions ; a current which re-acts upon any sensitive or nervous organisation which comes in contact with it, in proportion to its dynamic intensity."

"યાને માણસનો દરેક વીચાર પ્રગટ થયા પછી અંદરની દુનયામાં જાય છે, અને તે એક (elemental) ખુદરતની અરધી હોશવાલી શકિત સાથ જોડાઈએક ચપળ અસ્તિત્વ (entity) બનેછે. તે એક ચાલાક હોશવાલી ચીજ—જે મનથી ઉત્પન કરેલું પ્રાણી છે, તે તરીકે જેવાં બલથી તે મગજમાંથી નીકલે છે તે પ્રમાણમાં થોડો અથવા વધારે વખત રહે છે. એ પ્રમાણે એક સારો વીચાર એક ચપળ ભલી શકિત તરીકે હમેશાં રહે છે, જ્યારે એક ખરાબ વીચાર એક નાશકારક દૈત્ય તરીકે ચાલુ રહે છે. એ પ્રમાણે માણસ પોતાની આશપાસના પ્રવાહને પોતાના ખ્યાલો, ઇચ્છાઓ, જુસ્સા અને હુવસોથી ભરી નાખે છે. એ પ્રવાહ તેની ગતીના બળ પ્રમાણે કોઇ તીક્ષ્ણ લાગણીના અથવા નબલા બાંધાના શખશ ઉપર સામસામી અશર કરે છે."

સારા નરશા વીચારો વીશે મીસીસ બીઝેનતે 'માનસ તેનો ખવાસ અને શકિતઓ' વીશેના ભાશણમાં જે જનાવ્યું છે તેનો સાર નીચે પ્રમાણે છે.

હું અને તમો આખો દીવસ આપણી જીંદગીના દરેક દીવસ, અઠવાડયાં, અને વરસો સુધી વીચારોનો પ્રવાહ બાહાર મોકલીએ છઈએ અને મનની હવાને આપણા સારા, ખરાબ, અને બેપરવા વીચારો, જેવાકે પ્યાર અને ધીક્કાર, માયા અને કડવાસના વીચારોથી ભરી નાખ્યે છઇએ, કે જે વીચારો માણસોને આસીરવાદ અને શ્રાપ જેવા થઇ પડે છે. જડ પદાર્થ પેદા કરવાની આપણી શકિત કરતાં નિતીને લગતી પેદા કરવાની શકિત ઘણી વધારે અગત્યની છે, કારણકે જે પરમાણે આપણે સારા અથવા નરસા વીચારો કરયે છઇયે તેજ પ્રમાણમાં આપણે આપણી અને બીજાઓની જીંદગીપર અસર કરીએ છઇએ, તેજ પરમાણે આપણી હાલની તથા ભવીશની હાલતની ઇમારત ઉઠાવીએ છઇએ, અને તેજ પરમાણે આજની અને કાલની દુનયા બનાવીએ છઇએ. ગુનેહગાર કોણને કહે છે? હું અને તમો એમ વીચારો છો કે આપણે ગુનેહગારથી દુર રહી શકીએ છીએ, આપણે તેનાં કરતાં વધારે સારા છઇએ, તેનાં કામ અને ગુનાહ

સારૂ જોખમદાર નથી. શું તમો એ વીશે એટલા બધા ચોક્કસ છો? એક ગુનેહગારના અબ્યવની રચના તેના ગયા વખતના વીચારથી એવી થયેલી હોય છે કે કંઇબી અસર તેપર જલદી થાય છે, અને તેથી કોઇબી ખરાબ અને ક્રૂર વીચારને પોતા તરફ તે સેહેલાઇથી ખેંચી તેનું પોશણ કરે છે. પણ જ્યાં સુધી ખરાબ બી જમીનમાં પડે નહી ત્યાંસુધી ખરાબ ફળ નીપજતાં નથી. એવાં કેટલાં ખરાબ બીમાં હું અને તમો ફાલો આપો છો. કદાચ સેહેજ ગુસ્સાનો વીચાર જે એક મીનીતમાં તમો દાબી નાખો છો તે તમારા મનમાં આવે છે. તે વીચાર મનની હવામાં જઇને એક જીવતી અને ખરાબ શકિત્ત બને છે. તમારા ગુસ્સાનુ બલ તે ગુનેહગારના મનની હવામાં જઇને તેને લાયકની જગામાં પડે છે: અને ત્યાં એક બીયાંની પેઠે તેનો ફનગો ફુટે છે. અને તે ગુનેહગારના પોતાનાં દુસ્તપણાથી તે વીચારને પોશણ મલે છે અને તે ગુસ્સાનો વીચાર એક ખુનના વીચારમાં ઉગી નીકલે છે, ત્યારપછી માણસનો કાયદો તેને તે વીશે ગુનેહગાર ઠેરવે છે. ખુદરતના વધારે ઇનસાફી કાયદા પ્રમાણે ગુસ્સાનો વીચાર પેદા કરનારનો ભાગ, ઉપલા ગુનાહમાં હોય છે. દરેક જણ જે પોતાના ભાઇને અપવિત્ર કરે છે તે તેના ભાઇના પાપનો ગુનેહગાર છે. એજ પરમાણે સારા વીચારનું પણ સમજવું. દરેક ઉમદા વીચાર જે આપણે વીચાર્યે છઇએ તે એક ભલી શકિત તરીકે દુનયામાં જાય છે અને કોઈએક મત જેની જમીન સારા જુસ્સાથી ભરેલી હોય છે તેમાં બાહાદુરીનાં કામ માટે તેને પોશણ મલે છે, અને ઉમદા કામ તરીકે તે બાહાર આવે છે. આપણા ઉત્તમ વીચારો આપણા સાધુ અને પોતાના મતને સારૂ પ્રાણ આપનારા, બાહાદુર અને વીચારવંત પુરૂશોને બનાવામાં જાય છે. આપણા ઉત્તમ વીચારો તેઓને મદદ કરવામાં જાય છે. જે પરમાણે આપણે તેઓને બનાવાને મદદ કીધી છે તે પરમાને તેજ પ્રમાણમાં તેઓ આપણા છે, અને દરેક સારો વીચાર એક સાધુ માણસને બનાવામા જાય છે એ પરમાણે દુનયા અને ભવિશ્ય બનાવામાં આપણ દરેક જનનો ભાગ હોએ છે. આજે આપણી આસપાસ જે છે તે આપણા ગયલા વીચારોનું પરીણામ છે, અને કાલે આપણા આસપાસના સંજોગો આપણા હાલના વીચારોનું પરીણામ થશે.

એક પવિત્ર અને ઉમદા વીચારથી મનમાં કેવી ખુશી અને સુખ વ્યાપી રહે છે તે વીશે દાકતર હારતમેન પોતાની Magic: White and Black માં નીચે પ્રમાણે લખે છે.

The presence of a holy, high and exalted idea that enters the mind fills it with a feeling of happiness, with an exhilarating influence whose vibrations may be perceived long after that thought has gone.

ઉપલોજ લખનાર આગલ ચાલતાં લખે છે કે વીચારના ભુવન પર રેહનારાઓને, વીચાર જડ અને નક્કર જણાય છે તથા સારા અને માઠા વીચારો વીશે નીચે પ્રમાણે જનાવે છે.

"Thought is material and solid to those that live on the plane of thought. Man is a centre from which continually thought is evolved, and crystallizes into forms in that world. His thoughts are things that have life and form and tenacity; real entities, solid and more enduring than the forms of the physical plane. Good thoughts are light and rise above us, but evil thoughts are heavy and sink. The world below us to which they sink is the sphere of the grossest, most diseased, and sensual thoughts evolved by evil-disposed and ignorant men. There are few persons who are not subject to evil thoughts: such thoughts are the reflex of the lurid light from the region of evil, but they cannot take form unless we give them form by dwelling on them and feeding them with the substance taken from our mind. Love is the life of the good, malice the life of the evil. An evil thought evolved unconsciously is an illusion without life: an evil thought brought into existence with malice becomes malicious and living."

Astral plane (શુક્ષમ ભુવન) નામનું જે કાબેલીએત ભરેલું ચોપાન્યુ મી૰ લીડબેટરે રચયું છે તેમાં એવણ સારા નરશા વીચારોથી

નીપજતી અશર વગેરે વીશે ઘણું લંબાણથી લખ્યું છે તેમાંનો થોડોક સાર નીચે પ્રમાણે છે.

તેવણ કહે છે કે સઘલા મોટા ધર્મની વાજબી શીખામણ છતાં માનસનો મોટો ભાગ વીચારનાં ભુવનપરની પોતાની જોખમદારી વીશેની કંઇબી દરકાર કરતો નથી. ઘણા લોકોના વીચારો એવા તકલીદી અને ધ્રુચુપચુ હોય છે કે તેથી ઉતપન થંતી અરધી હોસવાલી શકિતઓ (elementals) થોડી મીનીત અથવા કલાકો જીવે છે પણ એક ફરી ફરીને વીચ્યારેલો વીચાર અથવા એક આતુરતા ભરેલી ઇચ્છા એક એવી શકિત (Elemental) બનાવશે કે જેની હશતી દાહડા સુધી લંબાવી શકાય. સાધારણ માણસના વીચારો ઘણુંખરૂં પોતા વીશે હોવાથી એ વીચારોથી ઉતપન થતી શકિતઓ તેની આશપાશ ભમયા કરે છે, અને જે વીચારો ઉતપન્ન થયા હોય તેની ફરી ફરીથી યાદ આપે છે. કારણકે એક વીચાર પર ફરી ફરીથી મનન કરયાથી તેઓ બીજી શકિતઓને જનમ ન આપતાં આગલી ઉતપન થયલી શકિતને તેથી પુશતી મલે છે અને તેથી તેની હશતી લંબાય છે. એક માનસ એથી જો એક ઇચ્છાપર વારંવાર મનન કરે છે તો તેથી તે પોતાને સારૂ એક સુક્ષમ સાથી પેદા કરે છે જેને તેના વીચારોથી પુશતી મલે છે, અને તે સાથી તેની આસપાસ વરસો સુધી ભમયા કરેછે અને તે શખશપર વધારે અને વધારે કાબુ મેલવી તેપર અશર ચલાવે છે. એપરથી સેહલાઇથી જનાશે કે જો તે માણસની ઇચ્છા ખરાબ હોય તો તે માનસની ચાલચલણ તથા નિતીપર ઘણી ખરાબ અસર થશે. એક માનસના બીજા વીશે સારા અથવા માઠાં વીચારથી એથી વધારે ગંભીર અસર નીપજે છે કારણકે એ દાખલામા તે વીચારો તે વીચારનારની આશપાશ નહી પણ જે તે વીચાર કરતો હોય તેની આશપાશ ભમે છે. કોઇ શખશ વીશે કીધેલો માયાલુ વીચાર અથવા તો તેનાં ભલાં સારૂ કીધેલી આતુર ઇચ્છાથી તે સામા માણસ તરફ એક હશતકૃત અને મિત્રાચારી ભરેલી શકિત મોકલી શકાશે અને જો તે ઈચ્છા કોઇ ચોકશ બાબદ વીશે હોય જેમકે તે સામો માણસ કોઈ દુખ દરદથી સાજો થાય એ વીશેની હોય તો તે

હોશવાલી શક્તિ (elemental) એવું બલ થશે કે જે તે કાહેલી માનસની તનદરોશતી વધારવા અથવા જે અસરો તેની તનદરોસતીને ખલલ કરતી હોય તેને તોડી નાખવાને તેની આશપાશ ભમશે. સઘલા દાખલાંમાં આએ શક્તિના જોરનો આધાર પેહલી ઇચ્છા અથવા વીચાર જેણે એ શક્તિને જનમ આપ્યો છે તેના જોરપર આધાર રાખશે જો કે એ શક્તિ તરફ બીજી સારી ઇચ્છા અને મિત્રાચારી ભરેલા વીચારો ફેકવાથી તેને પુશતી આપી શકાયેં અને તેની જીંદગી લંબાવી શકાય. એજ શક્તિ બીજા જેના સંબંધમાં તે આવે તેને પણ તેવીજ રીતે અસર કરે છે જેમ સારી ઇચ્છા અને સારા વીચારો સારી અસર ઉપજાવે છે તેમ ખરાબ ઇચ્છાઓ અને ગુસ્સાના વીચારો તેની ખરાબ અસર નીપજાવે છે અને દુનયામાં જે બેહદ અદેખાઇ, કીનો, કપત વગેરે હશતી ધરાવે છે તે જોતાં તેની ઉતપન થતી ખરાબ હશતફૃત શક્તિઓ (artificial elementals) ના આકારો ઘણા ભયંકાર હોવા જોઇએ. એક માનસ જેના વીચારો અથવા ઇચ્છાઓ કીના ભરેલા, હવશી. લોભ લાલચથી ભરેલા હોએ છે તે આએ દુનયામાં પોતાની સાથે જ્યાં જાય છે ત્યાં એક જાતની મરકી પેદા કરનારી હવા પોતાની સાથ લઇ ફરે છે જેમાં તેનેથી ઉતપન થયલી ભયંકર શક્તિઓ તેના સાથી તરીકે રહે છે અને એથી એવા માનસની હાલત ઘણી દલગીરી ભરેલી રીતે ખરાબ હોય છે એટલુંજ નહી પણ તે પોતાની આશપાશના બીજા માનસોને એક ભયંકર ઉપદ્રવ થઇ પડે છે અને જે જે આસામીઓ કમનસીબે તેનાં સંબંધમાં આવે છે તેઓને પેલા શખશની આસપાસની કંટાલા ભરેલી અશરોથી નિતીને ધોકો લાગવાના જોખમમાં ઉતરવું પડે છે. એક શખશની બીજા સખશ તરફ કીનો અથવા અદેખાઇની લાગણીથી ઉતપન થતી ખરાબ અસર તે સામા પુરૂશ તરફ ભમ્યા કરે છે, અને તે પુરૂશની કઇબી નબલાઇ મારફતે તે તેના ઉપર કામ ચલાવે છે. તે સામો માનસ જેપર એવી દુષ્ટ ઇચ્છા અથવા વીચાર ફેંકાયા હોય તેમાં જો કંઇબી ખામી ભરેલી વલન હોય તો તેથી તેપર કંઇપણ અશર થતી નથી. કારણકે એક અશો વીચારના અને અશોઈ રીતે જીંદગી ગુજારનાર શખશના (aura)

ખુરેહ આગલથી આએ સઘલી ખરાબ અસરો એકદમ પાછી ફેંકાય છે કારણકે તે અસરોને તે પરહેજગાર પુરૂશપર લાગુ પડવાને કંઇબી રેગથયુ મલતું નથી, અને તેથી એક ઘણા અજાએબ જેવા કાયદાથી આએ અશરો તેનાં સઘલાં બલથી તેઓના પેહલા ઉતપન કરનાર તરફ પાછી ફરે છે, જ્યાં તેઓને લાયકની જગા મલે છે અને એવી રીતે ખરાબ ઇચ્છા મોકલનાર ધણીપર વેની ખરાબ ઇચ્છાથી ઉતપન્ન થયલુ કર્મ તેનેથી ઉતપન થયલાં અશતિત્વની મારફતે કામ કરે છે. કોઈ વખત એમ બને છે કે ખરાબ ઇચ્છાથી ઉતપન થતી હશતકૃત ખરાબ શકિત તેના મોકલનાર અથવા જે પર તેને મોકલાવી હોય તે પર પોતાનુ બલ વાપરી શકિત નથી અને એવા દાખલામાં તે શકિત એક ભટકતા ભુત રૂપે જે માનસો તે શકિતના જેવા ખરાબ વીચારો વીચારનાર હોયછે તેઓ તરફ ખેચાયછે અને એવી રીતે તે શકિત પુશતી મેલવેછે અથવા તો પોતાની ખરાબ અસરો તેવા શખશો પર ચલાવેછે. જરથોસ્તી ધર્મના ફરમાનો પ્રમાણે હમેશાં સારા વીચારો પર મનને લગાડવાની તથા અશોઇ જીંદગી ગુજારવાની ખુબી મી૰ લીડબેતરના ઉપલા ખુલાસાથી સ્પસ્ત જનાઇ આવે છે.

એ પરથી તમોને જનાશે કે આપણા વીચારો પર ઘણો સખત જાપતો રાખવાની કેટલી બધી જરૂર છે. એક માણસ જે પોતાના પાડોશી તરફની ફરજ બોલ અને કામમાં ઘણી સંભાલ લે છે તે એમ વિચારે છે કે તેના વિચારો કેવા રાખવા તે તેનું પોતાનું કામ છે અને એવી રીતે તે વીચારોને જેમ ગમે તેમ રસ્તો લેવા દેછે પણ તેથી ઉતપન થતાં ભયંકર અશતિત્વના ટોલાંનું તેને મુદલ ભાન રેહતું નથી. ખરાબ વીચારો અને ઇચ્છાથી આવી રીતની હશતકૃત ખરાબ શક્તિઓ ઉતપન થાયછે એમ જો તેના ધ્યાનમાં ઉતરેતો તેથી તેને આએ ખુલાસાથી ઘણો કમકમાત લાગે. એથી બીજા હાથ પર ઘણાક ભકિતમાન અને આભારી માનસો જેઓને એમ લાગે કે તેઓ પોતા ઉપર ઉપકાર કરનાર માણસોનો પાડ કોઈ રીતે વાલી શકતા નથી તેઓને આએ વાત ઘણા દીલાસા ભરેલી થઇ પડે; કારણકે મીત્રાચારી ભરેલા વીચારો અને આતુર ભલી ઇચ્છાઓ

ગરીબ તેમજ તવંગર માનસોથી સરખી રીતે ઉતપંન થઇ શકે, અને એવી રીતે લગભગ કોઈપણ માનસ જો મેહેનત લેતો પોતાના ભાઈ અથવા બેહન, મિત્ર અને છોકરૂ જેને તે ઘણો ચાહતો હોય, અને દુનયાના ગમે તેવા દુરના ભાગમાં હોય તોપણ તેની આશપાશ એવી સારી શક્તિ હમેશાં રાખી શકે. ઘણી વખતે એક માતાના પોતાના છોકરા વિશેના પયારના વીચારે અને બંદગી તે છોકરા આગલ એક ફરેશતાઈ ચોકીવાન ઉતપન કરે છે, અને તે છોકરાને સારી અશર તરફ કોઇપણ રીતે ખેચાણ ન હોય તે શીવાય બધા દાખલામાં એવા ફરેશતાઈ ચોકીઆનો તે છોકરાને મદદ અને આશરો આપેછે. આવી બચાવનારી શક્તિઓ ઘણી વખત અર્તિન્દ્રીયનિદ (clairvoyants) ને નજરે પડેછે અને કેટલાક દાખલામાં તેઓ સાદી આંખે પણ થોડો વખત દેખાયછે. એક માતાના મરણ પામવા પછી તેણીના દેવખાન અથવા બેહેશતની હાલત જેમાં તેણી પોતાનાછોકરાને પોતાની આશપાશ જોયછે તે છોકરાં તરફ જે પયાર તેણી રેડેછે તે પયાર તેણીનાં આએ દુનયામાં જીવતાં છોકરાંપર સામસામી અશર કરેછે અને એ પયાર થી તે માતાએ આએ દુનયાની પોતાની હૈયાતી વખતે ઉતપન્ન કરેલી ચોકીબાન શકિતઓને ટેકો મલેછે. Key to Theosophy માં મેડમ બ્લાવાતસકી કહેછે કે એક મરણ પામેલી માતાનો પયાર તેણીનાં જીવતા છોકરાંને હમેશાં ચાલુ લાગેછે તે પયાર તેઓના સ્વપનામાં અને તેઓનાં ઘણાક કામકાજમાં એકાએક બચાવ રૂપી મદદ અને છુટકારાનું જાહેર રૂપ લેછે. કારણકે પયાર એક એવી મજબુત ઘાલ છે કે જેને જગા અથવા વખતનું બંધણ લાગુ પડતું નથી. જરથોસ્તી ધર્મમાં આપણાં વાહલાં ગુજરેલાંઓના રવાન તથા અશો ફરોહરોને ચોકશ ક્રિયા સાથ માન સાથ યાદ કરવાને ફરમાવ્યુંછે કારણકે તેઓની ભલી ઇચ્છાથી આપણને ઘણા ફાયદા અને મદદ મલેછે એ ફરમાનને ઉપલાંથી ટેકો મલેછે. જેઓ ગુજરેલાંની એવી યાદ વીશારી મેલેછે એટલુજ નહી પણ તે મરણ પામેલા માનસોએ પોતાની હૈયાતીમાં પોતાના પઈસામાંથી પોતાની પાછલ ક્રીયા કામ કરવા સારૂ આપેલી નાણાની રકમો કોરટોની મદદથી પોતાના ખાંનગી ઉપયોગમાં લેવાનું કમિનાપણુ બતાવેછે તેમાં તેઓ પોતાને તથા બીજાઓને એથી

કેટલું નુકશાન કરેછે તેનો ખેઆલ તેઓને આવેતો એવું નીચ કામ કધુ કરે નહી. એક આતુર ઇચ્છાથી ખશુશ કરી તેપર ચાલુ મનન કરવાથી ઉતપન થતાં બલથી પેદા થતી એક ચાલાક હોશવાલી શકિત જે કામ કરવાની ઇચ્છા થઈ હોય તેને પુર્ણ કરવાને હમેશાં દબાણ કરેછે. ભકિત માન પણ ફીલસુફીથી અણજાણ્યા શખશો જેને બંદગીનો જવાબ કહેછે તેનો વીદવતા ભરેલો ખુલાસો ઉપલાથી મલેછે. કેટલાક છુટા છવાયા દાખલામાં એવી રીતે બંદગીથી મદદ મેલવવા માગનારનુ કર્મ એવું હોએછે કે તેથી તેને ગ્નાની પુરૂશ અથવા તેના ચેલા તરફથી મદદ મલેછે અથવા તો કોઇ ઈન્દ્રો અથવા મિત્રાચારી ભરેલી ખુદરતની કોઇ શકિતથી તેનો મદદ મલેછે. પણ આએ સઘલા દાખલામાં તે પુરૂશને મલતી મદદ તેની ઇચ્છિાથી ઉતપન થયલી શકિતને મજબુત કરવા અને તેને સીધે રસતે દોરવાનુ રૂપ લેછે.

કોઇ આપણી સાંમએ ખરાબ વીચાર મોકલે તો તેનો શુ ઉપાય લેવો. તે વીશે મીસીસ બાઝેનત પોતાની કર્મની ચોપડીમાં જે જનાવેછે તેનો શાર નીચે પ્રમાણે છે.

એક માણુસ બીજાની સાંમે એક ખરાબ વીચાર મોકલે અને જો તે સાંમો માનસ તેવોજ વીચાર મોકલે તો બંને વીચાર આકારો પાંણીના બે ટીપાં માફક મલી જવાથી એકેકથી બલ મેલવેછે. પણ જો જેની સાંમએ ખરાબ વીચાર મોકલવામાં આવે તે જો કર્મના કાયદાનો જાણકાર હોયતો તે ખરાબ વીચારની સાંમએ દયાનો વીચાર મોકલેછે, અને એવી રીતે તે ખરાબ વીચારને ભાંગી નાખેછે. સુક્ષમ દુનયામાં ખોટારાંના આકારો જાયછે તેની સાંમે ગ્નાની માણુસ સચાઇના આકારો મોકલેછે. અશોઈ ગલીચીને અને પ્રીતિભાવ આપસ્વાર્થિ લોભને તોડી નાખેછે. જેમ જેમ ગ્નાન વધેછે તેમ તેમ આએ કામ સીધુ અને બરાબર ધારણાથી બનેછે અને વીચારને ચોકશ મનસુબા સાથની પ્રબલ ઇચ્છાથી મોકલી શકાયછે. એવી રીતે ખરાબ કર્મનો તેની સરૂઆતમાંજ અટકાવ થાયછે. એક સખશ જેણે બીજા વીશે નુકશાનકારક વીચાર કાધો હોય અને તે સાંમા ધણીએ

તે વીચારને માણીના વીચારથી બાલી નાખયાથી એ બંને વચ્ચે કર્મનુ કંઈપણુ સંબંધ રહેતો નથી.

Birth and Evolution of the Soul નામના પુશતકમાં મીસીસ બીઝેનત સારા અને માઠા વીચાર વીશે કેટલુક વીવેચન કરેછે તેનો સાર નીચે પ્રમાણે છે.

માનસ જાતને મદદ કરવાના વીચારથી મોકલેલો એક સારો વીચાર એક ભલી મીનોઇ શક્તિ Good elemental થી મદદ મેલવેછે. આએ ભલો વીચાર એક ભલી શકિત તરીકે બનશે અને તેવો વીચાર કરનારો માણુસપર અને તેના સંબંધમાં આવતાં સઘલાપર સામસામ્રી અશર કરશે. એથી કરીને દરેક વીચાર જે પયાર અને મદદ કરવાને લગતો હોએછે તે વીચાર દુનયામાં એક ભલી અશર તરીકે રહે છે અને આએ ભલા વીચારો જેઓ તરફ આપણે મોકલીએ તેઓની આશપાશ એક બચાવનાર મદદગાર શકિત તરીકે રહેશે. આએ ખરી બીના છે કે દરેક ભલો અને માયાલુ વીચાર જે તમો એક જન વીશે વીચારો, દરેક ઈચ્છા જે તમો તેનાં ભલાં અને સુખને વાશતે કરો તે એક ખરેખરી જીવતી ચીજ તરીકે તે શખશ તરફ જાયછે, અને જેની તરફ તે શકિતને મોકલવામાં આવીછે તે શખશની આશપાશ એક મદદ કરનાર શકિત તરીકે રહી સઘલા ભયને તેથી દુર કરી સઘલી સારી અશરોને તેની તરફ ખેંચેછે. એજ પ્રમાણે ધીક્કાર, કીનો, કપટ, તથા હવસ વગેરેના ખરાબ વીચારો ખરાબ શકિતઓ પોતા તરફ ખેચેછે, જેથી તેઓનું બલ વધેછે. એથી કરીને એક ખરાબ વીચાર જે કોઇ તરફ મોકલવામાં આવ્યો હોય તે ખરેખર એક નુકસાનકારક શકિત તરીકે તે શાંમા પુરૂશના જડ શરીરની તનદરોસતીને અથવા તેના શરીર અથવા મનના કોઇ ભાગને ઈજા પોહોચાડેછે. જો સામા ધણીમાં આએ તમારા ખરાબ વીચારને લેવાની ખેચાણ શકિત નહી હોયતો આએ ખરાબ વીચાર તમારી તરફ પાછો ફરી તમોને ઇજા પોહોચાડશે. એથી કરીને જાણી જોઇને કોઇ તરફ ખરાબ વીચાર મોકલવો એને ખરેખર રીતે જાદુ કહેછે. કીના અથવા

ગુસ્સાનો વીચાર કોઇને નુકશાન કરવાના વીચારથી કોઇ તરફ મોકલવામાં આવે તો તે ધણીનું કામ જાદુ તરીકેનું ગનાયછે. આવું કામ કરવાની શકિત અને ગ્નાનના પ્રમાણમાં એક માણસ ઓછી અથવા વધારે રીતે કર્મના કાયદાનો ગુનેહગાર થાયછે.

જરથોશતી ધર્મ પુશતકોમાં, જેમકે, યજશને, વંદીદાદ વગેરેમાં જાદુ તથા જાદુગરોની હશતી સ્વીકારી છે તોપણ તેઓને જગેજગ ધણી સખત રીતે વખોડયાં છે તેનુ વાજબીપણુ થીયોસોફીની ફીલસુફી સ્વીકારેછે.

In the Outer Court ને લગતાં કેટલાંક ભાશણો મીસીસ બીઝેનતે ઈંગલડમાં આપયાં હતા જેમાંનું બીજુ ભાશણ જે વીચારને કાબુમાં રાખવાને લગતુ હતુ તેમાં તેવણે એ વીશે લબાંણથી વીવેચન કરયુછે તેનો અગતયનો સાર નીચે પ્રમાણે છે.

જો એક નીતીમાન, સારી ચાલચલણ, ખુલ્લા વીચારો અને પાકટ બુદ્ધિનો માનસ થીઓસોફીકલ સોસાયતીમાં આવે, અને તેનાં મુળના શીક્ષણો માનય કરે તો તેને અગાઉના કરતાં હાલ થીયોસોફીના ધોરણે તપાસ કરતાં વીચારને લગતી બેહદ અશરનો ખેઆલ આવત્રા માડશે, કે મનથી ચોકશ જાતના અશતિત્વો ઉતપન થાય છે જેઓ દુનયાના લોકોના મન પર સારાં અથવા માઠાં કાજે અશર ચલાવેછે એવા માણસને સમજ પડશે કે બીજાઓનાં મન પર અસર કરવા સારૂ પોતાના વીચારોને બોલવા અથવા લખાણનું રૂપ આપવાની જરૂરજ છે એવું નથી. તે વીચારેછે કે જોકે દુનીયાની નજરમાં તે જાણીતો માનસ ન હોય તોપણ તે જાહેરમાં આવતો પણ ન હોય તેનાં સંબંધમાં આવતા મીત્ર અને સગાંઓ જેની ઉપર તે અશર કરતો હોય તે ઘણા થોડાં હોય, તેને જનાશે કે જોકે તે લોકો સાથ શારીરીક રીતે અથવા લખાણ અથવા બોલોથી સંબંધમાં આવતો ન હોય તોપણ તેનામાં એવી શકિત છે જે જાતી દાખલાના અથવા ભાશણ અથવા જબાનનાં બલ કરતાં ચહડેછે, અને એકાંતમાં અને માનસોથી શારીરીક રીતે વેગલો બેસીને તે સારાં અથવા માંઠાંને સારૂ એક જબરૂ બલ વાપડી શકે. તે લોકો ન

મન સ્વચ્છ અથવા ગલીચ કરી શકે. તે દુનયાની આબાદી તથા વધારાને મદદ અથવા ખલલ કરી શકે. એવી રીતે જેમ જેમ માનસને રોશ મલે તેમ તેમ વીચારને લગતા જોખમનુ તેને ભાન થતુ જશે. અને મનને લગતી આએ શકિત વાપરવામાં કેટલો જોખમ સમાયલો છે તેનુ ભાન થશે. મંડલીમાં બનતા ગુનાહો તથા સારા કામો સારૂ તે કેટલો જોખમ દાર છે તેનુ તેને ભાન થશે. આએ બાબદની સમજણથી તે પોતાના વીચારો વીશે ઘણી સંભાલ લેશે. પોતાના વીચારો પર કાબુ રાખવાનું તેના મનમાં ઉતરશે. જેમ જેમ એ બાબદ વધારે સમજશે તેમ તેમ તે કેવા વીચારો બાહાર પાડવાને વીશેની પશંદગી કરશે અને એથી વધારે અભયાશથી માલમ પડસે કે જેવી રીતના વીચારોને તે જંનમ આપેછે તેવીજ જાતના બાહારના વીચારોને ઘણુ ખરૂ તે પોતા તરફ ખેચશે. એથી ફકત લોહચુંબકની માફક વીચારના બલની હારોને પોતાની આશપાશ મોકલેછે એટલુજ નહી પણ તે લોહચુબકની માફક તેવીજ રીતના બીજા વીચારોની હારોને ખેચેછે અને એથી તેને જનાશે કે એક સારો વીચાર ઉતપન કરયાથી માનસ જાત તરફની એક મોટી ફરજ તે અદા કરેછે, એટલુજ નહી પણ ઉપલા શખશના મીનોઈ કાયદા સાથની એકતા (harmony) ને લીધે તે પોતે પણ પોતાના સારા વીચારથી ફાએદો મેલવે છે. દરેક વખતે તે જ્યારે ઉમદા વીચાર દુનયામાં મોકલે છે ત્યારે તે પોતામાં એક એવું ખેચાણકારક બિંદુ ઉભુ કરેછે કે જેની આશપાશ આકર્ષણ શક્તિની માફક બીજા ઉમદા વીચારથી તેના મનને મદદ અને જોર મલેછે. તેને દુખ અને નામોશી વચ્ચે જનાશે કે એક ખરાબ વીચાર દુનયામાં મોકલવાથી તેના પોતાના ભાનમાં એક ખરાબ બિંદુ તેને ઉભુ કીધું છે, જે હવામાના ગલીચ વીચારોને તેના તરફ ખેચશે અને એવી રીતે તેની વલણોને ખરાબી તરફ જતાં ઉતેજન આપશે. આવી રીતે મનને લગતી ભાઇબંધી જે સઘલા માનસોને એકેક સાથ જોડેછે તેનો ખેઆલ આવતાં તે પોતાનાં મનની વળણ ફેરવશે. શું વીચારવું તેની તે પશંદગી કરશે. વીચારોને જેમ ગમે તેમ આવતાં જતાં અટકાવશે. એક વીચારને પોતાના મનને પીડા કરવા અથવા કાબુ

મેલવવા દેશે નહી અને એક વીચાર જે તેના મનમાથી નીકલી જવા માગે નહી તેવા વીચારોને આવવા દેશે નહી. તેની પોતાની પશંદગીના વીચારોનેજ તે રેહવા દેશે અને સઘલા ખરાબ અને અણગમતા વીચારોને તે બહાર કાહડી નાખશે. ઘણી વખત ખરાબ વીચારો તેના મનમાં દાખલ થવાની કોશેશ કરશે પણ તેવા વીચારોને દર વખતે કાહાડી નાખવા પડશે. વારંવાર લાંબો વખત સુધી તેને એમ કરવુ પડશે. જેવો એક ખરાબ વીચાર આવ્યો કે તેપર વીચાર કરશે નહી પણ તેને કાહાડી નાખશે. અને જેવો એક ખરાબ વીચાર આવ્યો કે તરતજ કોઇ ઉમદા વીચાર વીશે ખેઆલ કરયાથી તેને બેવડો ફાએદો થશે કારણ કે તેથી નજીવા વીચારો જતા રહશે અને મનને હમેશગીના વીચારો તરફ ટકી રેહવાની ટેવ પડશે.

'લુશીફર' નામનાં ઈંગલડમાં નીકલતાં ચોપાનયાના ૧૮૯૬ ના સપ્ટેમબર મહીનાના અંકમાં Thought forms 'વિચાર આકારો' નામની બાબદ મીસીસ બીઝેનતથી લખાઇ છે તેનો અગત્યનો સાર નીચે આપયો છે. એ બાબદની સાથે ઉપલાં ચોપાનયામાં, વિચારોથી ઉતપન થતા આકારો જેવા રંગનાં જોનારાઓને દીશયા તેવા રંગની આકરૂતીઓ આપી છે.

દાકતર બેરેડક નામના વીદવાને ચોકશ ચીજો વીશે મજબુતાઇથી વિચાર કરવાથી તે ચીજોનો છાપ લઇ શકયો હતો અને એવી રીતે વિચારથી ઉતપન થતા આકારોની અશર ફોટોગરાફની sensitive plate (માનસની સબી લેવા ચોકશ મેલવણી લગાડી તૈયાર કરેલા કાચના કટકા) પર ઉતારી શકયો હતો. એવી રીતે એક બાનુ જેને ઉપલો વીદવાન ઓલખતો હતો, અને જેણી તે વખતે મરણ પામેલી હતી, તેણીના મરણ વખતે તેણે તેણીના ઉતારેલાં ચિત્રના વિચારથી તે બાનુની શબીનો છાપ કાહાડી શકયો હતો. તે તદન ખરી રીતે કહે છે કે એક ચીજનું ઉતપન કરવુ એ મનમાંથી એક આકારનું નીકલવુ અને ત્યારપછી તેના જડરૂપ પકડવામાં સમાયલુ છે; અને આવા વિચારથી ઉતપન થયલી

શબીથી રૂપાના ખારોપર થયલી રસાયણી અસરો વીશેની ખોલ તે ચલાવે છે. એનો એક અશરકારક દાખલો આતુર બંદગીથી બાહાર નીકલતી એક જાતની શક્તિથી મલી આવેછે. બીજી જાતની બંદગીથી ફૂનેં જાતના જાહાડના પાંતરાંની દાખલી જેવા આકારો બનેછે.

ત્રીજી જાતની બંદગીથી વરસાદના ટીપાં નીચેથી ઉપર જતાં હોય તેમ જનાંયછે. ત્રણ બાનસોપરથી તેઓની એકયતા વીશેનો વિચાર કરયાથી લેહરો નીકલતો એક લંબગોળ આકાર બાહાર નીકલેછે. મજબુત ઉદાશીથી ઉતપન થતી લાગણીથી એક મજબુત વમલ તે શખશની આશ-પાશ જનાય છે. આએ ઘણા રમણીક અને સુચક દાખલાથી ખુલ્લુ જનાય છે કે આએ છબીઓમાં જે જનાય છે તે કંઇ વિચારનો આકાર નથી પણ ઇથરની અંદર તેની ધ્રુજરીથી થતી અસર છે, અને વિચારથી ઉતપન થતી અસરો સમજવાને વાશતે વિચારો (clairvoyance) અતીન્દ્રિયદર્શનથી જોવાની અગત છે.

આગલ ચાલતાં મીસીસ બીઝેનતે કેવી રીતે વિચારોથી ઉતપન થતા આકારોને તપાશ્યા તથા તેની સબીઓ લીધી તેનુ વર્ણન નીચે પ્રમાણે આપે છે.

બે (clairvoyant) અતીન્દ્રિયદર્શી થીયોસોફીસતોમાના એક જને ચોકશ વિચારો ફેકયા તેના આકારોને બારીકીથી બંને જને તપાશયા અને તેજ પ્રમાણે બીજા સખશોએ જુદી જુદી લાગણીથી ઉતપન થયલા વિચારોથી ફેકાયલા આકારોની પણ બારીક તપાશ કીધી. તેઓએ પોતાની બનતી શક્તિ પ્રમાણે આએ આકારોનુ પુર્ણ અને ખરી રીતે એક ચીતારાં આગલ બયાન કીધુ અને તે ચીતારાએ તે આકારોનાં ખોખાં કીધાં, અને જ્યાં સુધી તે આકારોના જેવા લગભગ આકારો ન થયા ત્યાં સુધી જુદા જુદા રંગોની મેલવનીના આકારો બનાવ્યા. કમનશીબે તે બંને અતીન્દ્રિયદર્શીને ચિત્રકલાની માહીતી ન હતી, અને તે ચિતારો અતીન્દ્રિદર્શી ન હતો. તે ચિતારાએ પોતાની ફુરસદે તે આકારોને રંગયા અને ત્યારપછી બીજી મંડળી તે સબીઓની તપાશ

લેવા બેઠી, અને તે પર જે ખુલાસા ભરેલા ટીકા થયા તેના આધારે જમીરાં ઘણા ખમાઉ ભાઇબંધે લગભગ ફરીથી સગલા આકારો રંગયા, જેથી આવા ચલીત આકારોને આએ પૃથવીના સુસત રંગોમાં મેલવાની હજુ સુધી થયલી કોશેશોમાં એ ઘણી ફતેમંદ તરીકે નીવડી.

હવે આપણે એની બારીકીમાં ઉતરયે. સઘલા અભયાશીઓ જાણે છે કે જેને માનસનુ ખુરેહ (Aura) કહે છે.તે તેનાં ઉંચા શરીરોના બાહારના ભાગની વાદલા મીશાલેની ચીજ છે. આએ શરીરો એક બીજા અંદર પ્રવેશ કરી શકે છે, અને માનસનુ જડ શરીર જે તેના બીજાં શરીરો કરતાં નાહનુ છે તેની હદથી બાહાર રહે છે. અભયાસીઓ જાણે છે આમાંના માનસીક અને ઇચ્છા રૂપી સરીરોને, જેને વીચાર-આકારો કહે છે તેના દેખાવો સાથ ઘણું લાગતુ વલગતુ હોય છે. પણ એ બાબદ થીયોસોફીના શીક્ષણથી અણજાણયાઓને જાનીતા કરવા સારૂ એ વિશેની મુખ્ય બાબદનુ વરણુન આપશુ. માનસ એટલે કે 'વિચારનાર.' માનસીક ભુવનનાં સુક્ષમ પદાર્થની અસંખય મીશ્રથી બનેલાં શરીરથી ઘંકાયલો છે. આએ માનસીક શરીર તે માનસે જેતલે દરજ્જે મન શકિત ખીલવેલી હોએ છે, તેટલા પ્રમાણમાં થોડે અથવા વધારે દરજજે પૂર્ણ હોએ છે. આએ માનસીક શરીર એક ઘણી સુંદર ચીજ છે, અને તેના રજકણોની નાજુકાઇ અને જલ્દી હાલચાલથી તેનો દેખાવ વરસાદની કમાનનાં રંગોની જીવતી રોશણી જેવો દેખાય છે. અને જેમ જેમ મનશક્તિ વધારે પૂર્ણ રીતે પ્રગટે છે, અને તેને મુખ્ય કરી સ્વચ્છ અને ઉંચી બાબદોપર રોકવામાં આવેછે તેમ તેની ખુબસુરતી અતીશે ચલકાટવાલી અને અતિઆનંદથી મોહ પમાડે એવી બને છે. દરેક વિચાર આએ શરીરના પદાર્થમાં પરસ્પર સંબંધ સુચક ધ્રુજરીઓ પેદા કરે છે, અને જેની સાથે સાથે પાણીના ધોધપરના ફીનપર જ્યારે સુરજની રોશણી પડે છે ત્યારે જે રંગો નીકલે છે તેવાજ પણ તેથી ઘણેજ ચહડતે દરજજેના રંગો નીકલે છે. આએ જુશશાથી શરીર પોતાનો ઝોલા ખાતો એક ભાગ ફેંકે છે, અને જેમ એક ગાયનના રાગથી એક રેતીથી ભરેલા ચક્રપર ધ્રુજરી પેદા થઈ તેના આકારો બને છે, તેવી રીતે તે ઝોલાની

પ્રકૃતિ પ્રમાણે આકારો લેછે, અને ઉપલા આકારો આશપાશની વાતાવરણ-માંથી તેના એવોજ સુક્ષમ પદાર્થ માનસીક દુનયાના તત્વના અંશમાંથી એકઠો કરે છે. આએ એક સ્વચ્છ અને સાદો વિચાર-આકાર થશે, અને એ આકાર જે વિચારે તેને જનમ આપયો છે તેથી સજીવન થઇને તીક્ષણ હીલચાલવાલી એક જીવતી અશતિત્તવ બને છે. જો આએ વિચાર આકાર સુક્ષમ પદાર્થનો બનેલો હોએ છે તો તેની શક્તિ તથા તેજ ઘણું રહે છે, અને એક બલવાન અને શબળ ઇચ્છા શક્તિથી તેને એક ઘણાજ. મજબુત સાધન તરીકે મોકલી શકાય. એવો વિચાર-આકાર જો કોઈએ ચીજ અથવા શખશપર અસર કરવા સારૂ ખાકી અથવા સુક્ષમ ભુવનપર મોકલવામાં આવે તો તે મનસીક દુનયામાંથી સુક્ષમ દુનયામાં પસાર થશે, અને તે દુનયાના મુળતત્વના અંશમાંથી પોતાને લાએકના સુક્ષમ પદાર્થના પડમાં વીટલાશે.

સગલા વીચાર-આકારને ઉતપન થવાનો આધાર ત્રણ ચીજપર હોય છે.

વીચારના ગુણ ધર્મપર તેના રંગનો આધાર રહે છે.

વીચારના પ્રકારપર તેના આકારનો આધાર રહે છે.

વીચારના ચોકસપણાપર તેના આકારની આકૃતીની સ્પષ્ટાનો આધાર રહે છે.

**રંગ**—રંગનો આધાર એક પલમાં જેટલી સંખ્યામાં ધ્રુજરી પેદા થાય છે તેપર આધાર રાખે છે, આએ સીદ્ધાંત ખાકી દુનયામા તેમજ સુક્ષમી અને માનસીક દુનયામાં પણ ખરૂં છે. જો સૂક્ષમ અને માનસિક શરીરો ભક્તિભાવની અસરથી ઝોલા ખાતાં બને છે, તો, તે લાગણીનાં ઉંડાણ ઉમદાપણાં તથા સ્વચ્છતાના પ્રમાણમાં તે શખશનો ખુરેહ (aura) થોડે અથવા વધારે દરજજે ખુબસુરત અને સ્વચ્છ બલુ રંગથી ભરાઈ જશે. દેવલમાં આવા વિચાર-આકારો ઉંચે ચહડતા જનાય છે, જોકે ઘણુંખરૂં તેનું ખોખું સંપુરણપણે દેખાતું નથી પણ બલુ વાદલાંના ગબડતા જથા જેવા દેખાય છે. વારે ઘડીએ જ્યારે આએ રંગ સ્વાર્થી

લાગણીના ભેલથી ઝાંખો પડે છે ત્યારે તે બલુ રંગમાં ભુરા રંગની મેલાણી થાય છે, અને એવી રીતે તે રંગ પોતાનો સ્વચ્છ ચલકાત ખોય છે.* પણુ એક બીન સ્વાર્થી જીગરનાં ભક્તિભાવનો વિચાર હુનાલાના દીવસના આશમાનના ઘેરા બલુ રંગના જેવો ઘણોજ મોહ પમાડે એવો હોય છે. એવાં બલુ રંગના વાદલમાંથી વારે ઘડીએ ઘણાજ તેજસ્વી સુનેરી તારાઓ ચીણુગારીના ઝાપટાની માફક ઉંચે ઉડતાં તથા પ્રકાશતાં માલમ પડે છે. ગુસ્સાથી ફીક્કા ઇતરડી જેવાં, લાલ રંગથી તે ચલકતા લાલચોલ રંગ એ બન્ને વચેના જુદા જુદા મતફેરના રંગોના ફેરફાર જનમ પામે છે. હેવાની ગુસ્સો કાલા ભુરાં વાદલામાંથી નીકલતા સુસત ફીક્કા રાતા રંગના ચમકારા તરીકે જનાશે, જ્યારે 'ઉમદા ક્રોધ' લાલચોલ ચલકતા રાતા રંગ તરીકે જનાય છે, જેનો દેખાવ જો કે બદસુરત નથી તો પણ તેથી જોનારને નાખુશ ઝઝણી થાયછે.

* પયાર અને મોહબત ગોલાબી રંગનાં વાદલાં ઉતપન કરે છે, જેનો રંગ જ્યારે પ્યારનો ખવાશ જાનવરી હોએ છે ત્યારે સુસ્ત કીરમજી હોયછે જ્યારે પ્યાર આપસ્વાર્થી હોએછે ત્યારે ગોલાબી રંગ સાથ ભુરો રંગ મેલાયલો હોયછે, અને જ્યારે પયાર અદેખાઇ સાથ ભેલાયલો હોએ છે ત્યારે ગોલાબી રંગ સાથ ઝાંખો લાલ રંગ માલમ પડે છે. જેમ જેમ એ પયાર સઘલા આપસ્વાર્થી તત્વોથી સ્વચ્છ થાય છે, અને સઘલા જેઓ તે પયારની ગરજ ધરાવે તેઓ તરફ નાજુકાઇ અને દયાની સખ્ત તબેહથી વધારે બોહલા અને બોહલા કુંડાલામાં વહેછે, તેમ એનો રંગ બામદાદના પેહલાં ઝઝકલાં જેવો ઘણોજ ઉતમ અને સોહમણા ગોલાબી રંગના વાદલાનો બને છે.

વિચાર શક્તિ પીલા રંગના વિચાર-આકારો પેદા કરેછે. સ્વચ્છ તર્કશક્તિને બિનોઇ પરીણામ તરફ વલણુ આપયાથી તે ઘણોજ ખુબસુરત અને સુંદર પીલો રંગ ઉતપન કરે છે, જ્યારે એજ તર્કશક્તિને વધારે સ્વાર્થી પરિણામ તરફ વાપરવામાં અથવા લોભમાં ભેલવામાં આવે છે તો તેથી ઉતપન થતો રંગ સ્વચ્છ અને અતિશય ઘેરા નારંગી રંગનો જનાય છે.

**આકાર.**—વિચારનાં ગુણ પ્રમાણે તેનો આકાર પેદા થાય છે.

સ્વચ્છ ભકિતભાવના જાતી ભોગ આપવાના વિચારથી એકને અરપણ કીધેલી બંદગી કરનાર એવા વિચારથી ફુલના આકારને જન્મ આપે છે. આવા વિચારો ઘણું ખરૂં ફુલના આકાર લે છે જે ઘણા ખુબસુરત હોએ છે, અને જેના બહારનાં ખોખામાં ઘણો ફેરફાર હોય છે પણ જેનાં લક્ષણ બલ્લુ આતશી સોલાના ઉપર વલણ લેતાં પાતરીનાં વાંક જેવાં હોય છે. ભકિતભાવના આંએ ફુલના આકાર લેવાના લક્ષણ પરથી જેઓએ એ આકારોને જોયા હતા તેઓએ ધર્મ ક્રિયાની બંદગીમાં ફુલો અરપન કરવાનું ચાલુ કીધું હોય, જેથી ખાકી દુનયાના આકારને જોયાથી સુક્ષ્મ દુનયામાં દેખાતા આકારની સુચના થાય, અને તેથી મનપર તેના લાયકના ચિન્હથી અશર થાય. કુદરતી કાયદાની એકતા સાથની ભકિતભાવની ઇચ્છાનો વીચાર જે ઇશ્વર તરફ ફેંકાયો હોય તો તેથી પાંચ અણીવાલા તારાનો આકાર જનમ લે છે.

વિચારો જે ભુમિતિને લગતા આકારો ધારણ કરે છે જેવાકે કુંડાલું, ઘનાકૃતિ (cube) પિરેમિડ અથવા મિસરી મિનારા, ત્રીકોણ (triangle), છ અણીવાલા તારા જેવા આકાર, બેવડું ત્રીકોણ વગેરે આકારને જગતને લગતા નિયમના વિચારો સાથ લાગતું વલગતું હોય છે અથવા તેઓ આત્મ તત્વ વિધ્યાને લગતા વિચારો હોય છે.

વિચાર આકારનાં બહારનાં ખોખાંની સફાઇનો આધાર તે વિચારના ચોકશપણાં પર રહે છે અનિશ્ચિત અને તુરંગી ભકિતભાવથી ઉતપન થતા વિચારોથી વાદલા જેવા આકારો ઉતપન થાય છે, અને ભકિત કરનારાઓના જથથાના મુકાબલામાં ઘણાજ થોડા શીવાય બીજાઓ એવાજ આકારો ઉતપન કરે છે. તેજ પ્રમાણે લોકોનો મોટો ભાગ જ્યારે વિચાર કરે છે, ત્યારે એવાંજ વાદલાં જેવા આકારો ઉતપન કરે છે.

એક વિચાર–આકાર તેના ઉતપન કરનારનો આકાર લઇ શકે. જો એક માનસ એક ચોકશ જગાપર હાજર રેહવાની અગે એક ચોકશ માનસને મલવાને અને તેને દેખાવ દેવાને મજબુત ઇચ્છા કરે છે તો

આવો વિચાર-આકાર તે ધણીનો આકાર ધારણ કરે છે અને તે ચોકશ જગાએ જો એક અતિન્દ્રિયદર્શી હાજર હોય તો તે આકારને પોતાના મિત્રના સુક્ષમ શરીર તરીકે ગણવાની ભુલ કરશે. આવો વિચાર-આકાર તેને લગતો કોઇબી સંદેશો લઇ જઇ શકે. આવો વિચાર જે ધણીપર તે વિચાર મોકલવામાં આવ્યો હોય તેનાં સુક્ષમ શરીરમાં તેના જેવીજ ધ્રુજરીઓ પેદા કરે છે અને આએ ધ્રુજરીઓ તે ધણીના સુક્ષમ શરીરથી તેનાં ભેજાપર પસાર થાએ છે, જ્યાં તેઓ એક વિચારમાં અથવા એક વાકયમાં ફેરવાઇ જઇ શકે. તે બંને જનના એકેક સાથના આકર્ષણીક સંબંધને લીધે આવો વિચાર આકાર તેનાં ફેકનાર તરફ પાછો ફરતાં તે બીજા શખશ તરફથી તેના ઉપર પડેલા છાપની ધ્રુજરીઓ લઇ જઇ શકે.

સારાં વિચાર ઉતપન કરયાથી કેહવી અસર થાય છે તથા ખરાબ વિચારો કોઇ તરફ ફેંકયાથી શું માઠી અસરો થાય છે તે આપણે ઉપર જોઇ ગયા છઇએ એથીજ એક સારાં પવિત્ર અને આગલ વધેલા માનસને ધીક્કારવાથી અથવા તેને વીસે શક રાખયાથી ઘણાં ગંભીર પરીણામ નીપજે છે. કારણકે જે ખરાબ વિચાર આકારો તેની તરફ મોકલવામાં આવે છે તે તેને નુકસાન કરી શકતા નથી પણ તેઓ પાછા ફરી જેઓની તરફથી તેઓ પેહલે નીકલે છે ત્યાં પાછા ફેંકાય છે, અને એવી રીતે પોતાને ઉતપન કરનારના સરીર, મન, અને નિતીનો કચડઘાણ કરી નાખે છે. થીઓસોફીકલ સોસાયતીના સભાસદોને પોતાની જાતી તપાશમાં આવી રીતના કેટલાક દાખલા નજરે જોયાથી તેઓ જાણીતા થયા છે. જ્યાંસુધી દુષ્ટ અને આપસ્વાર્થી વિચારો જેને હલકા જડ પદાર્થ સાથ સંબંધ છે તેઓ એક માનસના શરીરમાં રહે છે ત્યાં સુધી તે, બીજાઓ જે ખરાબ ઇચ્છા તેની તરફ ધરાવે તેના હુમલાથી બચી શકતો નથી, પણ જ્યારે તેને જાતી અશોધથી આએ દુરગુણોને પોતાનામાંથી તદન કાહાડી નાખયા હોય છે તો તેને ધીક્કારનારાઓ તેને ઇજા કરી શકતા નથી અને તે શખશ તેને ધીક્કારનાર પુરશો તરફથી આવતા કીના કપટના સઘલા તીરોમાંથી શાંન્તપણે પસાર થાય છે. પણ જેઓ એવી રીતના તીરો ફેકે છે તેઓની એથી ખરાબી નીપજશે.

જરથોશતીઓનો મોટો ભાગ જો દર સહવારે એક રીતે અને સૂઝા અને બંદગી કરી રહયા પછી, જરથોશતી ધર્મ પોતાની અસલી, સપુંરણ સ્થિતીમાં આવે, અને જરથોસ્તીઓમાં ખરી ઇમાનદારી અને દીનદારી આવે એવી આતુર ઇચ્છા કરે અને જેઓ હાલ ગુમરાહ થયા છે તેઓ પોતાની ભુલ જોઇ રાહપર આવે એવી ચાલુ ઇચ્છા રાખે તો, તેઓની ચાલુ ઇચ્છા એક એવું બલ પેદા કરી શકે કે જરથોશતી ટાલો જે દીન-દારીમાં હાલ પડી ભાગો છે તે પાછો સજીવન કરવા સારૂ જરથોશતી ટોલામાં તેવા પરહેજગાર, અને ધર્મિ અને વિદવાન શીક્ષકો જરૂર પેદા થાય.

ગુપ્તજ્ઞાન સીખનાર એક ચેલાને ગલીચ વીચાર સાથ લડત ચલાવાની કેવી અગત્ય છે અને તેમ નહી કરયાથી તેને શું હાણી થાય છે તે વીશે Voice of the Silence (ચુપકીદીનો અવાજ) નામનાં પુશતકમાં મેડમ બ્લાવાટસ્કી નીચે પ્રમાણે જનાવે છેઃ—

Strive with thy thoughts unclean before they overpower thee. Use them as they will thee, for if thou sparest them and they take root and grow, know well, these thoughts will overpower and kill thee.

Beware, disciple, suffer not, even though it be their shadow, to approch. For it will grow, increase in size and power, and then this thing of darkness will absorb thy being before thou hast well realized the black foul monster's presence.

જ્યારે એક માનસ હમેશાં સારા વીચાર કરે તો ચોકશ છે કે તે માનસ તરફથી સારા બોલો અને સારાં કામો નીકલે અને ખરાબ બોલ અથવા ખરાબ કામો નીકલે નહી કારણકે બોલ અને કામની અગાઉ વીચારની ઉતપંતી છે, અને તેથી જેહવા વીચારો તેહવા બોલ અને કામો પ્રગટી નીકલે છે.

ઉપલાં લખાણ પરથી જે સાર નીકલે છે તે એ છે કે, સારા વીચારોથી તે સારા વીચારનાર તેમજ તેની આસપાસના તથા દુનયાના લોકોને ફાયદો થાય છે અને તેથી દુનયાના વધારા તથા આબાદીને ટેકો મલે છે. ખરાબ વીચારોથી તે વીચારનાર તેમજ તેની આશપાશ તથા દુનયાના લોકોને નુકસાન પોહોંચે છે અને તેથી દુનયાના વધારા તથા આબાદીને ખલલ પોહોચે છે. સારા વીચારો વીચારનાર તરફ સારા અને માઠા વીચારો વીચારનાર તરફ માઠા વીચારો ખેંચાય છે.

સારા વીચારો હમેશ મનમાં રાખનાર તથા અશોઇથી જીંદગી ગુજારનાર શખશોની તરફ ખરાબ માનશો તરફથી ફેકાતા કીના કપટના વીચારોથી એશો માનસને કંઇપણ નુકશાન થતું નથી. પણ સામુ તે ખરાબ વીચારનાર શખશનેજ તરતજ નુકશાન થાય છે, અથવા તો બીજી રીતે કુદરતને કાયદે તેને થોડી અથવા ઘણી શીક્ષા ભોગવવી પડે છે.

કેટલીક તરફથી એમ વાંધો લેવામાં આવે કે વીચારો વીશે જે જે બીનાઓ જનાવી છે તે બીના ખરી છે કે ખોટી તે હમારા માનવામાં કેમ આવે. એ શવાલનો એવો જવાબ આપી શકાય કે જે જે વીગતો અતરે જનાવી છે તે જેઓની ગુપ્ત શકિતઓ ખુલ્લી થઇ છે તેઓના એ શકિતની મદદથી મેલવેલા જ્ઞાનને આધારે જનાવી છે. અને જો કોઇ પણ શખશ પોતામાં રહેલી શકિતઓ ખીલવે તો તેને પણ એ સઘલી વીગતો ખરી તરીકે માલમ પડે. પણ એ શકિતઓ ખીલવવા સારૂ કેટલીક શરતોમાંની એક શરત તન અને મનની અશોઇ સાથની જીંદગી ગુજારવાને લગતી છે, જેમ કરવાને ઘણાકોની મરજી નથી. જેમ એક માણસ દાકટર અથવા વકીલને લગતું જ્ઞાન જે મેલવવા વરસોનો અભયાશ કરવો પડે છે તે કરયા વગર તે જ્ઞાન થોડા દીવસમાં મેલવવા માગો તે જેમ બની શકે એવુ નથી તેમ આપણામાં રહેલી ગુપ્ત શકિતઓ જે વરસો સુધી મંદ છે તેને ખીલવવી એ કઇ થોડા દાહડાનું અથવા મહીનાનું કામ નથી પણ વરસોના ચાલુ અભયાશ, ખંત અને મેહેનતનુ કામ છે. અને જેઓ એવો અભયાશ અને મેહેનત કરે નહી તે છતાં

એ જ્ઞાન મેલવવા માગે તેઓની અકલ વીશે વીચારવાનું કામ વાચનારની મુનશરીપર છોડું છું.

દુનયામાં વીદયાને લગતી ઘણી ચીજો આપણને વીદવાનોના ભરોશી પર માનય કરવી પડે છે. દાખલા તરીકે વીદવાનો પ્રમાણે પૃથ્વી સુરજના આશપાશ ફરે છે જોકે સાધારણ આંખે સુરજ પૃથ્વીની આસપાશ ફરતો જનાય છે. એજ પ્રમાણે પથર અને અનુ (atom) ની હશતી વીદવાનોના વીચારોને આધારે સાધારણ માનસ કબુલ રાખે છે જોકે હાલના વીદવાનો જેઓએ પોતાની ગુપ્ત શકિતઓ ખીલવી નથી તેઓ એ ચીજો જોઇ શકતા નથી. તેજ પ્રમાણે વીચારોને લગતી કેટલીક બીનાની સચાઇ જેઓ એ બાબદ વીશે અભયાશ કરયા વગર ના પાડે તેઓના મતને કેટલું વજન આપવું તે સમજવાનું દરેક જ્ઞાની પુરૂશનું કામ છે.

## THE THEOSOPHIC GLEANER,

### (Formerly "*Pauses.*")

A monthly journal published by the Blavatsky Lodge Theosophical Society, Bombay, containing reprints and extracts from Theosophical publications, as well as original articles, treated in a popular form.

SUBSCRIPTION.—Re. 1-2-0 per annum, post free in India. Copies for distribution supplied at the rate of Rs. 2-8-0 per fifty, postage extra. Foreign subscription, 1s. 6*d*. per annum, including postage. Subscription payable in advance.

---

[*In the Press.*]

# ZOROASTRIANISM

IN THE

## LIGHT OF THEOSOPHY.

A COLLECTION of selected articles which have appeared from time to time in the "Theosophist" and other allied journals. Very useful to all those who wish to understand the deeper and occult philosophy underlying the teachings of the Avesta—the Sacred Books of the Parsis.

**Cost to Subscribers in advance will be Rs. 2**
**after publication Rs. 3.**

Names will be registered on application to the
HONY. LIBRARIAN, Blavatsky Lodge,
Theosophical Society,
**87, Hornby Road, BOMBAY.**

---

## "કાકા કહાણ" નાં ચુંટી કાઢેલાં લખાણો.

**કીંમત-રૂ. ૩)**

**ડી, એન, સુરતી બુક ડીપો, ગનબાવા લેન, કોટ.**

———:O:———

## ભાટખાઉઓની હીમાયતમા "કાકા કહાણ".

**કીંમત આના ચાર.**

**ડી. અરદેશરની કું., ધોબીતળાવ.**

# ચેરાગ.

**થિઓસોફી, જરથોસ્તી ધર્મ, અન્ન-ફળ-શાક, દારૂ-નિષેધ, ગૌરક્ષા, વગેરે સઘળી માણસાઈ હીલચાલોની હીમાયત કરનારૂં ગુજરાતી માસીક**

**ચોપાન્યું.**

માણસાઈ વધારાને લાયક ગણાતી હીલચાલોમાં થિઓસોફી વેજીટેરીયનીઝમ, ટેમ્પરન્સ વગેરે હીલચાલો યુરોપ અને અમેરિકામાં વિદ્વાન ગણાતા નરોનું મુખ્ય ધ્યાન ખેંચી રહી છે. આ હીલચાલો પારસી કોમના સીના વધારામાં અને જરથોસ્તી મજહબ અને પારસી કોમની જાળવણીમાં મદદગાર હોવાને લીધે તેમના અભ્યાસની પારસીઓમાં હાલ ખુટ છે તે પુરી પાડવાની નેમથી ઉપલાં નામનું એક માસીક ચોપાન્યુ આવતા જાનેવારી (૧૮૯૮)થી પ્રગટ કરવાનો ઇરાદો છે. થિઓસોફી, વેજીટેરીયનીઝમ અને ટેમ્પરન્સ ઉપર ઈંગ્રેજીમાં જે બહોળું અને સંગીન સાહીત્ય છે તે ગુજરાતી વાંચકોની જાણમાં લાવવાનું કોઈ લાયક સાધન હજી સુધી નથી. "ચેરાગ" ની મતલબ આવાં સાહીત્યમાંનાં પસંદ કરવા જોગ અને સોથી ઉત્તમ ભાગોની ચુંટણી કરી તેને ગુજરાતીમાં વાંચકો સન્મુખ ધરવાની છે. ખાસ કરી થિઓસોફીને લગતાં ઈંગ્રેજી પુસ્તકોનો જરથોસ્તી મજહબની ફીલસુફી સાથનો મુકાબલો એ આ ચોપાન્યાનો મુખ્ય ભાગ થઈ પડશે. ટુંકમાં, પારસી કોમને સાધારણ, સહેલ અને સારી પારસી-ગુજરાતી એબારતમાં ઉપર જણાવેલી સઘળી બાબતોને લગતે બની શકતો સંગીન સંગ્રહ દર માસે પુરો પાડવામાં આવશે. વાચક વર્ગની વલણ વાર્તાઓ તરફ રહેતી હોવાથી, માણસની મીનો જીંદગીને લગતી આગળ વધેલા દાનાવ આત્મજ્ઞાનીઓને હાથે લખાયલી તથા પુરાતન સાહીત્યમાં વગર તરજુમો થવે પડી રહેલી વાર્તાઓ વાંચનારા સન્મુખ ધરવામાં આવશે. ગરીબમાં ગરીબ જરથોસ્તી વાંચકને પણ સવ[illegible] પડે એટલા માટે આ કદનાં ૨૪) સફાનાં દર માસે પ્રગટ થનાર આ માસીકનો વારસીક લવાજમ આંગ ઉપર રૂ. ૧) પોસ્ટેજ સહીત રૂ. ૧।). ગ્રાહક થવા ચાહનારાઓએ પોતાનાં નામ, ઠામ વગેરે **લવાજમ** સહીત નીચલે ઠેકાણે મોકલવાં:—

**"ચેરાગ" ના મેનેજર,**

**વર્તમાન પ્રીન્ટીંગ પ્રેસ, નાં૦ ૮૭૨, ધોબીતલાવ, મુંબઈ.**